# આશીર્વાદ

પ્રથમ વર્ષ · અંક આઠમો · જુન ૧૯૬૭



શ્રી ભાગવત વિદ્યાપીઠ અને માનવમંદિરના સૌજન્યથી

सत्यम् शिवम् सुंदरम् ।

सर्वे सुखिनः सन्तु

# आशीर्वाद

વર્ષ : ૧ ] સંવત ૨૦૨૩ વૈશાખ-જેઠ : જૂન ૧૯૬૭ [ અંક : ૮

સંસ્થાપક
દેવેન્દ્રવિજય
'જય ભગવાન'

*

અધ્યક્ષ
કૃષ્ણશંકર શાસ્ત્રી

*

સંપાદનસમિતિ
એમ. જે. ગોરધનદાસ
કનૈયાલાલ દવે

*

માનદ્ વ્યવસ્થાપક
'શિવશક્તિ'

*

કાર્યાલય
ભાઉની પોળની બારી પાસે,
રાયપુર, અમદાવાદ-૧.
ફોન નં. ૫૩૪૭૫

*

વાર્ષિક લવાજમ
ભારતમાં રૂા. ૩-૦૦
વિદેશમાં શિલિંગ ૬-૦૦

## પ્રકાશ અથવા પ્રસાદની પ્રાપ્તિ

रागद्वेषवियुक्तैस्तु विषयानिन्द्रियैश्चरन् ।
आत्मवश्यैर्विधेयात्मा प्रसादमधिगच्छति ॥

માણુસ જે ખૂબ તાલાવેલીથી ઈંદ્રિયોને ભોગવવાના પદાર્થો ઉપર તૂટી પડે છે, તે એનામાં રહેલી તૃષ્ણા, વાસના, આસક્તિ, ગરીબાઈ અથવા દીનતા બતાવે છે. જે માણુસ તૃષ્ણા વિનાનો, ભરેલો અને સ્વાધીન ઈંદ્રિયોવાળો હોય છે તે સમતાથી પદાર્થોને સ્વીકારે છે. ગાયોને ઘાસ નાખતો હોય એ રીતે ઈંદ્રિયો દ્વારા પદાર્થોનો ઉપભોગ કરે છે.

ખૂબ આસક્તિથી ઈંદ્રિયોના ભોગો ભોગવનારો માણુસ એમ સમજે છે કે હું પદાર્થોને ભોગવું છું, પરંતુ ખરી રીતે તો એમાં તૃષ્ણારૂપી ડાકણુ દ્વારા તે પોતે જ ભોગવાતો જતો હોય છે.

આખી જિંદગી ખૂબ આસક્તિપૂર્વક ભોગોનો આસ્વાદ લીધા કરનાર અને માયામમતામાં રચ્યાપચ્યા રહેનાર લોકોની ઈંદ્રિયોની શક્તિ તો હણાઈ ગયેલી જોવામાં આવે જ છે, સાથે તેમની બુદ્ધિ, સમજણુશક્તિ અને સ્મરણુશક્તિ પણ હરાઈ ગયેલી જોવામાં આવે છે. શરીરના નાશ પહેલાં જ સ્મૃતિભ્રંશ અને બુદ્ધિનાશરૂપે મૃત્યુના ગ્રાસ તેઓ બની ચૂકયા હોય છે. શરીરનો નાશ એ મૃત્યુ નથી, પણ માણુસ અત્યંત આસક્તિપૂર્વક ભોગો ભોગવીને જે પોતાના તેજનો, પ્રકાશનો, સ્વત્વનો નાશ કરનારા મૃત્યુનું જાતે જ નિર્માણ કરે છે, તે મૃત્યુ ભયંકર છે. સંસારમાં અનાસક્ત રહેનાર સ્વાધીન ઈંદ્રિયોવાળો મનુષ્ય છેક વૃદ્ધાવસ્થામાં પણ ઉત્કૃષ્ટ બુદ્ધિ અને સ્મૃતિથી યુક્ત રહી શ્રીકૃષ્ણ અને ગાંધીજીની જેમ આત્મપ્રકાશ અને આત્મપ્રસાદને અનુભવતો હોય છે અને તેને જ પ્રાપ્ત થતો હોય છે.

ॐ

# અનુક્રમણિકા


| | | | |
|---|---|---|---|
| ૧ | પ્રકાશ અથવા પ્રસાદની પ્રાપ્તિ | ૐ | ૧ |
| ૨ | મંગલાયતનમ્ | — | ૩ |
| ૩ | દેખાયું | શ્રી કનૈયાલાલ દવે | ૪ |
| ૪ | મહાપ્રયાણ | શ્રી 'મધ્યબિંદુ' | ૫ |
| ૫ | કિનારા | મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી | ૭ |
| ૬ | નિત્ય યાદ રાખો | — | ૮ |
| ૭ | આ ફાટ સાંધવી છે | શ્રી હરિશ્ચંદ્ર | ૯ |
| ૮ | અમૃતનો વાસ | — | ૧૦ |
| ૯ | એકાક્ષરી શબ્દ 'ૐ' | શ્રી શંકરલાલ જ. જાની | ૧૧ |
| ૧૦ | પ્રયાગતીર્થ ક્યાં આવેલું છે ! | શ્રી 'મધ્યબિંદુ' | ૧૨ |
| ૧૧ | જીવન વેચાણાં | પદ્મશ્રી દુલા 'કાગ' | ૧૩ |
| ૧૨ | સદ્‌ભાવપ્રસાદી | — | ૧૪ |
| ૧૩ | સાવિત્રીચરિત્ર | શ્રી 'મધ્યબિંદુ' | ૧૫ |
| ૧૪ | પારસમણિ | શ્રી રમાકાન્ત ન. દવે | ૨૧ |
| ૧૫ | સમાચાર સમીક્ષા | — | ૨૨ |



ટે. નં. ૨૯૮૩૨ **એચ. જગમોહનદાસની કું.** ટેલિગ્રામ-બ્લેકવુડ

જનરલ સપ્લાયર્સ અને બધી જાતના ઈલેકિટ્રક

સામાનના વહેપારી

સોલ એજન્ટ : બીજલી લેમ્પ

ગોપાલ નિવાસ, ૧૭૬, લુહાર ચાલ, મુંબઈ-૨

બ્રાન્ચ : ૧

લક્ષ્મી ઇલેકટ્રીક સ્ટોર્સ

બુધવારી પેઠ, પૂના

બ્રાન્ચ : ૨

એચ. જગમોહનદાસની કું.

ગેંડીગેટ, વડોદરા

# म ङ्ग ला य त न म्

## ભગવાનની પૂજા ક્યાં કરવાની છે?

श्रीभगवानुवाच : શ્રી કપિલ ભગવાન માતા દેવહૂતિને કહે છે :

अहं सर्वेषु भूतेषु भूतात्माऽवस्थितः सदा ।
तमवज्ञाय मां मर्त्यः कुरुतेऽर्चाविडम्बनम् ॥ १ ॥

હું સર્વ પ્રાણીઓમાં સદા સત્ય સ્વરૂપે રહેલો તેમનો આત્મા છું. એથી જેઓ પ્રાણીઓમાં મારી અવજ્ઞા (અપમાન, તિરસ્કાર) કરીને કેવળ મૂર્તિમાં જ મારી પૂજા કરે છે, તેમની એ પૂજા કેવળ દેખાવરૂપ અને મારી મશ્કરી સમાન છે. ૧

यो मां सर्वेषु भूतेषु सन्तमात्मानमीश्वरम् ।
हित्वार्चां भजते मौढ्याद् भस्मन्येव जुहोति सः ॥

હું સર્વનો આત્મા અને સર્વનો ઈશ્વર સર્વ પ્રાણીઓમાં પ્રત્યક્ષ રહેલો છું. છતાં જેઓ પ્રાણીઓમાં (તેમનું હિત કરવારૂપે, પ્રાણીઓની સેવા–ઉપકાર કરવારૂપે) મારા એ પ્રકટ સ્વરૂપની પૂજા કરવાનું છોડીને મૂઢતાથી કેવળ મૂર્તિને ભજે છે, તેઓ (અગ્નિમાં નહીં પણ) ભસ્મમાં જ હોમ કરી રહ્યા છે. ૨

द्विषतः परकाये मां मानिनो भिन्नदर्शिनः ।
भूतेषु बद्धवैरस्य न मनः शान्तिमृच्छति ॥

અભિમાની લોકો પોતાની અંદર અને બીજાં પ્રાણીઓનાં શરીરોમાં મને જુદો જુદો જોઈને પ્રાણીઓનો દ્વેષ કરે છે અને તેમની સાથે વેર બાંધે છે. પરંતુ જે હું તેમનામાં આત્મારૂપે રહેલો છું તે જ હું બીજાં પ્રાણીઓમાં પણ તેમના આત્મારૂપે રહેલો છું. આથી બીજાં પ્રાણીઓ સાથે દ્વેષ અને વેર કરનારા લોકો મારો જ દ્વેષ કરે છે, મારી સાથે જ વેર બાંધે છે. ખરેખર તો તેઓ પોતાની સાથે જ દ્વેષ અને વેર બાંધી રહ્યા હોય છે. આવા લોકોનું મન કદી શાન્તિ પ્રાપ્ત કરી શકતું નથી. ૩

अहमुच्चावचैर्द्रव्यैः क्रिययोत्पन्नयाऽनघे ।
नैव तुष्येऽर्चितोऽर्चायां भूतग्रामावमानिनः ॥ ४ ॥

હે નિષ્પાપ માતા, જે મનુષ્ય અન્ય પ્રાણીઓનો તિરસ્કાર કરે છે, તેમનું અહિત કરે છે, તે મનુષ્યે અનેક નાનાંમોટાં દ્રવ્યોથી તથા જુદી જુદી ક્રિયાઓવાળી વિધિઓથી મૂર્તિમાં કરેલી મારી પૂજાથી હું સંતુષ્ટ થતો નથી. ૪

अर्चादावर्चयेत्तावदीश्वरं मां स्वकर्मकृत् ।
यावन्न वेद स्वहृदि सर्वभूतेष्ववस्थितम् ॥ ५ ॥

મનુષ્ય તેના હૃદયમાં અને સર્વ પ્રાણીઓમાં હું ઈશ્વર રહેલો છું એ વાત જ્યાં સુધી ન જાણે ત્યાં સુધી જ એણે મૂર્તિ, પ્રતિમા, છબી વગેરે સ્થૂલ આકારોમાં પૂજા કરવાની છે. ૫

आत्मनश्च परस्यापि यः करोत्यन्तरोदरम् ।
तस्य भिन्नदृशो मृत्युर्विदधे भयमुल्बणम् ॥

જે મનુષ્ય કેવળ શરીરની ભિન્નતાને લીધે પોતાની અને બીજાની સાથે ભેદભાવથી વર્તે છે, બંને વચ્ચે ભેદ–અંતર જુએ છે (પોતાના પ્રત્યે રાગ અને પક્ષપાત તથા બીજાના પ્રત્યે દ્વેષ અને અન્યાયથી વર્તે છે), તે ભેદદષ્ટિવાળાને મૃત્યુથી ઘોર ભય ઉત્પન્ન થાય છે. ૬

**अथ मां सर्वभूतेषु भूतात्मानं कृतालयम् ।**
**अर्हयेद्दानमानाभ्यां मैत्र्याऽभिन्नेन चक्षुषा ॥ ७॥**

સર્વ પ્રાણીઓને ઘર બનાવીને તેમનામાં તેમના અંતર્યામી આત્મારૂપે હું રહેલો છું. એથી એ પ્રાણીઓ સાથે દાન, માન, મૈત્રી, સદ્વ્યવહાર વગેરે દ્વારા અભિન્નભાવે વર્તવું જોઈએ. એમાં જ મારી પૂજા છે. ૭

**मनसैतानि भूतानि प्रणमेद् बहुमानयन् ।**
**ईश्वरो जीवकलया प्रविष्टो भगवानिति ॥ ८॥**

માટે હે માતા, આ બધાં પ્રાણીઓમાં સાક્ષાત્ ભગવાન જ પોતાના અંશરૂપે જીવ બનીને પ્રવેશેલા છે એમ સમજી સર્વ પ્રાણીઓનો ખૂબ સન્માનપૂર્વક ભગવદ્ભાવે આદર કરવો, તેમની સેવા કરવી અને તેમને ભગવાનનાં પ્રકટ સ્વરૂપો ગણી પ્રણામ કરવા ૮

[ શ્રીમદ્ભાગવત તૃતીય સ્કંધ, અધ્યાય ૨૯, શ્લોક ૨૧–૨૭, ૩૪ ]

## દેખાયું

ઘણાય મનમાં માને છે મારા જેવો કોઈ મસ્ત નથી,
એવું પણ માને છે મારા જેવો કોઈ અલમસ્ત નથી.
નટખટ થઈને ખટપટ કરતા, પોતાને ચાણક્ય સમજતા,
સહુને કહેતા : 'જો, મારા જેવો કોઈ જબરજસ્ત નથી.'
મસ્તી સહુની સસ્તી થઈ ગઈ, સમયવહેણ જ્યાં બદલાયું,
ઢળી પડી પાંપણ આંખના અંધબારણે દેખાયું !

*

આખી દુનિયા ફરી વળ્યો પણ મેં કોઈ ને ના સુખિયા જોયા,
રાય-રંકથી માંડીને સહુ ખાઉધરા ને ભૂખ્યા જોયા,
ઇંદ્ર સમા વૈભવની સામે શાપ હતો ગૌતમનો
ઓઢી અંધારપિછોડો રોતા સહુને દુખિયા જોયા.
આગ છુપાવી અંતરમાં, હસતાં હસતાં ગાણું ગાયું,
ઢળી પડી પાંપણ આંખના અંધબારણે દેખાયું.

શ્રી કનૈયાલાલ દવે

પિંડમાં બ્રહ્માંડને અથવા બિંદુમાં વિરાટને દર્શાવતું જીવની મોક્ષગતિનું રૂપક

# મહાપ્રયાણ

શ્રી 'મધ્યબિન્દુ'

બિંદુમાન પૃથ્વી પરથી ચાલી નીકળ્યો છે. શરીરમાં હતો ત્યારે તો એ બીબામાં ઢળેલો હતો. જાણે પાણીનો બનેલો બરફ. પણ હવે તો એ આકાશમાં આવ્યો છે. બરફ અને પાણી કરતાં તો હવે તે કેટલોયે પારદર્શક બન્યો છે. વરાળ કરતાંયે સૂક્ષ્મ બન્યો છે. પૃથ્વી પરનો અવાજ તો ઘરનાં અને પાડોશનાં જ સાંભળી શકે છે, પણ આકાશમાં પહોંચેલો અવાજ એકસામટો દુનિયાના બધાયે રેડિયોમાં બોલતો સંભળાય છે. બિંદુમાન આકાશમાં ચાલ્યો જાય છે. પહાડો, વૃક્ષો અને પૃથ્વીના આત્માઓ તેને વિદાય આપવા હાથ ઊંચા કરે છે. ત્યારે બિંદુમાન બોલ્યો :

'તમે એમ સમજો છો કે હું તમારાથી છૂટો થઈને જાઉં છું ? નહીં. તમારી આગળથી બરફ ઓગળી જાય છે અને પાણી સુકાઈ જાય છે ત્યારે તે હવા બની જાય છે જેને પહેલાં તમે તમારી આગળ જોઈ શકતા હતા તે જ પાણી અને બરફ તમારી આંખો આગળથી ગુમ થયેલું લાગે છે. પણ જે હવાથી તમારા પ્રાણ ચાલે છે, તમારા શ્વાસોચ્છ્વાસ ચાલે છે, તે જ હવાનો એક સ્થૂલ આકાર એ પાણી અને બરફ હતાં. તમારી નજર આગળથી લુપ્ત બનીને તે હવારૂપ બની ગયાં એથી શું તે નાશ પામ્યાં છે ? એ તો વધુ જીવન્ત સ્થિતિમાં પહોંચ્યાં છે અને તમારાથી વિખૂટાં નથી બન્યાં પણ વધુ સૂક્ષ્મ રૂપે એ પહેલેથી જે સ્થિતિમાં તમારી અંદર છે એ સ્થિતિમાં આવી ગયાં છે. મારા જવાનો ખેદ ન કરશો. હું અહીંથી જાઉં છું પણ અહીંથી છૂટીને નથી જતો, અહીંથી વિસ્તરીને જાઉં છું. અને વિસ્તાર પણ કેવો ? નથી તેમાં કશું આવતું કે નથી જતું. સરોવરમાં પથ્થર નાખતાં થતા તરંગોને તો તમે જોયા છે. એ તરંગો ચોતરફ વિસ્તરતા જાય છે અને ધીમે ધીમે કિનારે પહોંચતાં અદૃશ્ય બની જાય છે. તેઓ જળરૂપ હતા અને જળરૂપ બની ગયા. નાના તરંગમાંથી વિસ્તરીને કિનારે પહોંચતા સુધીમાં તેમણે પોતાના જળરૂપની વ્યાપકતાનો અનુભવ લીધો.

"હું પણ અહીંથી છૂટીને નથી જતો, પણ અહીંથી વિસ્તરીને જાઉં છું. એટલે હું અહીંથી ગમે તેટલો દૂર જાઉં તોયે અહીં તો છું જ. તમારી બધી અવસ્થાઓ મારી નજર તળે જ પાંગરતી, પલટાતી અને લુપ્ત થતી રહેશે. અને તમે પણ જો એ અવસ્થાઓમાં જ તમારા સ્વરૂપને જોશો, એ અવસ્થાઓને જ તમારું સ્વરૂપ માનશો તો તમને વારંવાર મૃત્યુનો અનુભવ થશે. અને એ અવસ્થાઓને પોતાના સ્વરૂપ તરીકે જોતા રહેવાથી, એ અવસ્થાઓમાં પોતાનું સ્વરૂપ માનતા—સમજતા રહેવાથી તમારું સૂક્ષ્મ સ્વરૂપ તો તમારી સમજમાં આવતું રહી જ જશે. જેમાંથી તમારા વિચારો સ્ફુરે છે, જે તમારી બુદ્ધિને સમજે છે, જે તમારા હૃદયને જાણે છે, તેની સૂક્ષ્મતામાં તમે બેસતા થશો ત્યારે તમારી બધી અવસ્થાઓ અને બધા સંજોગો પાણી ઉપર આવતા—જતા તરંગો સમાન તમને સમજાશે ખરી રીતે મૃત્યુ જેવી કોઈ વસ્તુ નથી. પણ સ્થૂળ અવસ્થાઓમાં જ કેવળ આપણા સ્વરૂપને માનવું અને સૂક્ષ્મ સ્વરૂપ તરફ આંખો બંધ રહી જવી એમાં જ મૃત્યુનો અનુભવ થાય છે. સ્થૂળ અવસ્થાઓ તો પલટાતી જ રહેવાની છે. જે એમને જ કેવળ પોતાનું સ્વરૂપ માને છે, એમાં જ પોતાનો અહંકાર અને મમતા બાંધે છે, તેને મૃત્યુનો અનુભવ થાય છે. કારણ કે જેમાં કશું પરિવર્તન નથી એવું સ્થિર અને વિનાશરહિત સ્વરૂપ તો એના અનુભવની બહાર જ રહી ગયેલું હોય છે.

"અને હું અહીંથી જાઉં છું તે કશી ઇચ્છાથી પ્રેરાઈને જતો નથી. કમળોના સુગંધ અને સૌન્દર્યમાં મુગ્ધ બનેલા ભ્રમરો હાથીના મુખમાં ચવાઈ જાય છે, તેમ સંસારના વિષયભોગમાં આસક્ત બનેલા જીવો મૃત્યુના મુખમાં ચવાય છે. પુણ્યના પોટલાનો ભાર મેં ઉપાડેલો નથી, સ્વર્ગના સુખભોગોનો કે અપ્સરાઓ સાથે વિહાર કરવાનો મારો સંકલ્પ નથી. તેથી મારી ગતિ ધનુષમાંથી છૂટેલા તીરની માફક એક દિશામાં થતી નથી, ખોરાક શોધવા ચપળતાથી ઊડતા કાગડાની માફક

મારી ગતિ થતી નથી, રોટલો મેળવવા દોડતા કૂતરાની માફક મારી ગતિ થતી નથી કે મોટો લાભ મેળવવા શેરબજારમાં મોટેથી ચીસો પાડતા સટોડિયાની માફક મારી ગતિ થતી નથી. મારું શરીર પંચત્વમાં મળી જશે તેથી મારું કશું જતું રહેવાનું નથી. આ પૃથ્વી, પાણી, તેજ, વાયુ અને આકાશ એ પંચભૂતો પ્રકટ થવાનો સંકલ્પ કરનાર હું જ હતો એવું મને હવે જણાય છે. અને એ પાંચેય હવે મારું શરીર છે. પ્રાણીઓનાં જુદાં જુદાં શરીરો એ મારા આ મહાશરીરનાં રુવાંટાં છે. અને જુદી જુદી ઇચ્છાઓને લઈને ફરતા આ બધા જીવો એમાં પરપોટા જેવા છે. જ્યારે એમને પોતાનું સૂક્ષ્મ અને વિનાશરહિત સ્વરૂપ સમજાય છે ત્યારે તેમનું જ્ઞાન, તેમની બુદ્ધિ, તેમનું હૃદય, તેમની અસ્મિતા, તેમનો અહંકાર મારાથી જુદાં રહેતાં નથી.

"અને એક બીજી વાત તમે જાણો છો ? જુદી જુદી ઇચ્છાઓમાં બંધાયેલાં પ્રાણીઓ પોતાનું સૂક્ષ્મ સ્વરૂપ જોવા–જાણવા ઇચ્છે કે ન ઇચ્છે તોયે એ સૂક્ષ્મ સ્વરૂપનો એવો સ્વભાવ છે કે તે પોતાનું સ્વરૂપ એ લોકોને સમજાવવા મથતું હોય છે. સ્વર્ગમાં પહોંચીને એના સુખભોગોમાં મગ્ન બનેલો જીવ ફરી પાછો ત્યાંથી પૃથ્વી પર શાથી પડે છે ? યુવાવસ્થામાં રમી રહેલા જીવ ઉપર વૃદ્ધાવસ્થા શાથી આક્રમણ કરે છે ? પુષ્કળ ધનસંપત્તિનો માલિક બનેલો જન શાથી એનાથી હીન બની જાય છે ? અથવા શાથી એ સંપત્તિથી વિખૂટા પડીને એને એ શરીર છોડવું પડે છે ? સારા સંજોગો પસાર થઈ ગયા પછી પ્રતિકૂળ સંજોગો શાથી આવી પડે છે અને પ્રતિકૂળ સંજોગો જઈને અનુકૂળતાઓ શાથી આવી મળે છે ? આ બધો જ પ્રયત્ન એ સૂક્ષ્મ સ્વરૂપનો છે. જો સ્વર્ગ કાયમ ચાલ્યા કરે, જો સુખભોગો અને યુવાવસ્થા ક્ષીણ ન થાય તો એની મૂર્છામાંથી જીવ જાગે જ નહિ. આ સિવાયનું પણ પોતાનું બીજું સ્વરૂપ છે તે જાણવા–સમજવાનો વિચાર એને આવે જ નહીં, એ તરફ એની આંખ ઊઘડે જ નહીં. શું એવી મૂર્છિત સ્થિતિમાં જીવનું કલ્યાણ છે ? કીડોય શું વિષ્ટામાં આનંદથી નથી પડી રહેતો ? કૂતરો શું પોતાનું હીન શરીર, હીન જીવન છોડવા ઇચ્છે છે ? છતાંય જીવોને પોતાની ઇચ્છા વિરુદ્ધ પોતાનાં સુખો છોડવાં પડે છે કારણ શું ? એ સૂક્ષ્મ સ્વરૂપ એમને પોતાની મહાનતાનો અનુભવ આપવા માગે છે. એથી જીવને તેની તે તે અવસ્થાઓમાં આવી મળતું પ્રત્યેક મૃત્યુ એ તેને પરમ કલ્યાણકારી સ્થિતિમાં જવા માટે ખૂલતી બારી છે; એની બિડાયેલી આંખો ખોલવા માટેની કુદરતી ક્રિયા છે પાંચ ભૂતોના શરીરમાં બંધાયેલા જીવના આત્મભાવને મુક્ત કરતું મૃત્યુ એ તો જીવને જાગૃત કરવા માટે એના પરમ સૂક્ષ્મ સ્વરૂપ દ્વારા ફૂંકાઈ રહેલા પાંચજન્ય શંખનો અવાજ છે."

આ પ્રમાણે કહી બિંદુમાને પોતાનું મહાપ્રયાણ શરૂ કર્યું. આખી પૃથ્વી તેને પોતામાં લટકાવેલા ગોળા જેવી લાગી. તે ચોતરફ આકાશમાં ચાલ્યો જાય છે. લાલ–ગુલાબી પ્રકાશવાળો મંગળનો પ્રદેશ એક બાજુએ ઝળહળી રહ્યો છે. પીળાં અને શુભ્ર તેજઃકિરણો લંબાવતા બુધ અને શુક્ર તેને બોલાવી રહ્યા છે. પણ તેનું ગતિવર્તુલ વિસ્તરતું જ જાય છે. ચંદ્રના રૂપેરી ગોળાથી તો એ કેટલોયે આગળ વધ્યો હતો. દૂરથી તેજઃપુંજ રેલાવતા સૂર્યના વિરાટકાય ગોળાને જોવાથી તેને આનંદ અને આશ્ચર્ય થયાં પણ તુરત જ એને સમજાયું કે સૂર્યમાં પણ પોતે જ બેસીને તેજોવર્ષા કરી રહ્યો છે. નક્ષત્રપટમાં ફરતો ફરતો એ એથી આગળ ચાલ્યો. આકાશગંગાના ક્ષીરસાગર જેવા ધવલ પ્રદેશમાં એ આવી પહોંચ્યો. અહીં પાસે જ સ્થિરતા અને કૂટસ્થતાનો ધ્રુવતારક એકાગ્રતાથી પોતાનું મધ્યબિંદુ સાચવી રહ્યો છે. સંસારનાં સમસ્ત સંસરણો, જગતની તમામ ગતિઓ અને બ્રહ્માંડનાં સર્વ ભ્રમણો એની આજુબાજુ ચક્કર લઈ રહ્યાં છે. એ જ બ્રહ્માણ્ડવ્યાપી ધ્રુવતત્ત્વ સમસ્ત પિણ્ડોમાં પણ ઓતપ્રોત છે. બિન્દુમાન એ ધ્રુવતાના મધ્યબિન્દુમાં પરોવાઈ ગયો. એ સ્વયં-પ્રકાશિત ભૂમિમાં સૂર્ય પ્રકાશતો નથી, નથી ચંદ્ર કે તારાઓનો પ્રકાશ ત્યાં પહોંચતો. તેના પ્રકાશથી જ સૂર્ય, ચંદ્ર, તારાઓ અને સમસ્ત ભુવનોથી ખચિત આ બ્રહ્માણ્ડ પ્રકાશી રહ્યું છે. એ જ ધ્રુવતા સમસ્ત પ્રાણીઓની અને વસ્તુમાત્રની પરમ ગતિ અને પરમ અધિષ્ઠાન છે એ જ ધ્રુવતામાં સિદ્ધોનું મહાપ્રયાણ થાય છે.

અને આ અનુભવદર્શને પહાડો, વૃક્ષો, પૃથ્વીઓ અને પ્રાણીમાત્રના અન્તરાત્માઓ પોકારી ઊઠયા :

**सत्यं परं धीमहि ।**

"એ જ પરમ સત્યનું અમે ધ્યાન ચિંતન–ઝંખના કરીએ છીએ"

*

# કિનારા

મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી

એક દિવસની વાત છે. વહી જતી નદીના પાણીએ બે બાજુના કિનારાઓને કહ્યું: 'તમે અમારી પડખે છો એટલે અમને સ્વતંત્ર રીતે વિહાર કરવામાં મઝા નથી આવતી ગતિ કરવામાં ને પ્રગતિ કરવામાં સ્વતંત્રતા નથી મળતી. વિકાસ કરવામાં વાંધો આવે છે.'

પેલા કિનારાઓએ કહ્યું: 'હે નદી, અમારું નામ છે સંયમના કિનારા. અમે કિનારા તરીકે હટી જઈશું, તૂટી જઈશું કે મટી જઈશું તો હે પાણી, તમે સાગર સુધી પહોંચી નહીં શકો, પરંતુ ખાડા-ટેકરા કે વનવગડામાં જ વીખરાઈ જશો. તમને તમારા ધ્યેયબિંદુ સુધી–સાગર સુધી પહોંચાડનાર કોણ છે તે તમે જાણો છો? અમે કિનારા જ છીએ તમારે અમારો આભાર માનવો જોઈએ કે અમે ભલે થોડો અવરોધ કરીએ છીએ, પણ અમે છીએ તો જ તમે સાગર સુધી પહોંચી શકો છો.'

આપણે પણ જો જીવનના કોઈ પરમ લક્ષ્ય સુધી પહોંચવું હશે તો આપણા જીવનની આસપાસ પણ સંયમના કિનારા હોવા જોઈશે જ. આપણે જો આ સંયમના કિનારા તોડી નાખીશું તો જીવનનું જે ધ્યેય છે, જીવનનો જે ઊંચા પ્રકારનો ઉદ્દેશ છે, ત્યાં પહોંચી શકીશું નહીં. સંયમ નહીં હોય, મર્યાદાઓ નહીં હોય તો જીવનના સામાન્ય ક્ષેત્રમાં જ, જીવનના વનવગડામાં જ આપણા જીવનની બધી શક્તિઓ વીખરાઈને વેડફાઈ જશે જેમના જીવનપ્રવાહને સ્વનિર્મિત સંયમના કિનારા હતા એવા મહાપુરુષો જ જીવનના પરમ ધ્યેય સુધી પહોંચી શકયા છે. જેના જીવનની આસપાસ સંયમના કિનારા ન હોય છતાં પણ જીવનક્ષેત્રે પ્રગતિ સાધી શકયો હોય એવા એક પણ માનવીનો દાખલો ઇતિહાસમાં કયાંય પણ મળી શકતો નથી. માનવ જીવનનો ઇતિહાસ આપણને પોકાર કરીને કહે છે કે જગતમાં વિજય મેળવનારા માણસો સંયમના પ્રતાપે જ વિજય મેળવી શકયા છે. એમનો જીવન-પ્રવાહ ધ્યેયને પ્રાપ્ત કરી શકયો તેનું કારણ એ જ કે તેને સંયમના કિનારા હતા.

*

**સમર્પણ**

એક એંશી વરસનો વૃદ્ધ રસ્તાની એક બાજુએ ખાડો ખોદીને આંબો વાવી રહ્યો હતો. કોઈ કે જઈને પૂછયું: 'દાદા, તમે આ શું કરો છો?'

દાદાએ કહ્યું: 'હું આંબો વાવું છું.'

એક ટીખળી માણસે વૃદ્ધની મશ્કરી કરતાં કહ્યું:' અરે દાદા, તમને તે આ કેવી માયા લાગી છે? આ આંબો વાવો છો તે મોટો થાય કયારે, એને ફળ આવે કયારે અને તમે તે ખાઓ કયારે?'

ડોસાએ કહ્યું: 'ભાઈ, આ માયા નથી. આ તો માનવે માનવને જે અર્પણ કરવાનું છે તે અર્પણનું આ એક તર્પણ છે.'

પેલાને સમજણ ન પડી. તેણે કહ્યું: 'એટલે શું?' વૃદ્ધે કહ્યું: 'રસ્તા ઉપર આ જે આંબા છે તે મારા પુરોગામીઓએ વાવેલા છે. તેમની છાયા આજે હું માણું છું અને તેમની કેરી હું ખાઉં છું. ત્યારે મને થયું કે હું પણ એકાદો આંબો વાવતો જાઉં કે જેથી ભવિષ્યમાં આવનારી પેઢીને એની છાયા મળે અને સાથે કેરી મળે. આપણે બીજાનો લાભ ઉઠાવ્યો છે, તો સાથે સાથે આપણે બીજાને લાભ આપવાનો પણ છે.'

આ વાત આપણને સૌને એમ કહી જાય છે કે આપણે સમાજને કંઈક આપતા જવાનું છે. સમાજ પાસેથી લેવામાં મહત્તા નથી, મહત્તા તો આપી જવામાં છે. લેવાનું કામ તો બધાય કરી શકે છે. આપનારા દુનિયામાં વિરલ હોય છે.

એક ગૃહસ્થે પોતાની નોકરીમાં રહેલા એક દારૂના વ્યસનીને કહ્યું: "વરસાદના દિવસોને માટે કંઈક બચાવી રાખજે."

થોડા દિવસ પછી માલિકે તેને પૂછયું: "તમે કેટલા પૈસા એકઠા કર્યા છે?"

તેણે કહ્યું: "કંઈ પણ નહિ. આપની આજ્ઞાનુસાર મેં પૈસા એકઠા કર્યા હતા; પરંતુ કાલે ખૂબ જ વરસાદ પડયો તેથી બધા દારૂ પીવામાં તણાઈ ગયા."

# નિત્ય યાદ રાખો

પરીક્ષામાં પાસ થયા હો તો ફુલાશો નહિ
ભવિષ્યમાં પરિશ્રમ કરવાનું ચૂકશો નહિ.
નાપાસ થયેલા મિત્રો પ્રતિ સહાનુભૂતિ
દાખવવાનું ભૂલશો નહિ.

સુખમાં ફુલાશો નહિ.
સફળતામાં ફુલાશો નહિ.
સંપત્તિમાં ફુલાશો નહિ.
અધિકારમાં ફુલાશો નહિ.

સુખમાં ભગવાનને ભૂલશો નહિ
સુખમાં ધર્મને ભૂલશો નહિ.
સુખમાં દુખીઓની સેવા ચૂકશો નહિ.
સુખમાં મૃત્યુને ભૂલશો નહિ.

ફૂલોથી શોભતું વૃક્ષ પણ પાનખરમાં ઠૂંઠું બની જાય છે
ખીલેલાં પુષ્પો ખરી પડે છે.
પૂરમાં ફાલેલી નદી ફરીથી સુકાઈ જાય છે.

સફળતામાં ફુલાયેલો માનવી અહંકારી બની જાય છે.
અહંકારી મનુષ્ય પરિશ્રમ કરી શકતો નથી.
પરિશ્રમ ન કરનારો માનવી નિષ્ફળ નીવડે છે.

સંપત્તિમાં ફુલાયેલો માનવી દુઃખીઓનો તિરસ્કાર કરે છે.
દુઃખી-દુર્બલોનો આત્મા એને શાપ આપે છે.
દુઃખી જનોના નિસાસાં તથા શાપથી સંપત્તિ અને સુખનો
નાશ થાય છે.

ક્યારેય ફુલાશો નહિ
ક્યારેય ગર્વ કરશો નહિ
કોઈનો તિરસ્કાર કરશો નહિ.

દીન-દુઃખીઓની સેવા કરવી ભૂલશો નહિ.
ભગવાનનું સ્મરણ કરવું ચૂકશો નહિ

દુઃખમાં સ્મરણ સૌ કોઈ કરે, સુખમાં કરે ન કોય
જો સુખમાં સ્મરણ કરે, તેને દુઃખ કદી ના હોય.

# આ ફાટ સાંધવી છે.

**શ્રી હરિશ્ચંદ્ર**

ગામમાં જઈને પૂછીએ કે વસ્તી કેટલી? તો જવાબ મળે, 'પચાસેક કુટુંબો હશે.'

સામો સવાલ થાય, 'ભાઈ, વસ્તી તો ઝાઝી દેખાય છે ને!'

'ના રે ના! આ સાઠ-સિત્તેર ઘર જ આપણાં. બાકી બધા તો કોળી-દૂબળા.'

કોળી-દૂબળાની માણસમાં ગણતરી જ નથી તો! ગામના સરપંચને મોઢેય આવો જ જવાબ સાંભળવા મળે છે.

અને પાછી સામી ફરિયાદ થાય છે: 'તમે બધાં તો ફરીને વર્ગભેદ ઊભો કરો છો. તમે દૂબળાને ચઢાવો છો; એમનામાં નહીં ત્યાંથી અસંતોષ જગાવો છો. શાંતિથી અમે બંને જીવીએ છીએ તે શું તમારી આંખમાં આવે છે?'

અને હજી આગળ ચાલે છે: 'ઓલા દારૂ-બંધીની જ્યોતવાળા હો અમારી પાહે આવે, મુદ્રાક્ષયવાળા હો અમને હીખવાડે, ખાદીવાળા હો અમારાં જ ઘર ભાળી ગયેલા, અને બાકી રહી ગયેલા તે તમે ભૂદાનવાળાય આવતા છો. અમે બધું જાણતા છીએ. હવે અમને કંઈ હીખવાડવાનું બાકી નથી. અમે હીખીને બેઠેલા છીએ. પેલા હળપતિઓમાં જઈને કામ કરો. દૂબળાઓને જઈને હીખવાડો જવાહરલાલનો મંત્ર—આરામ હરામ હૈ તો તેમનો અને તમારો બેઉનો ઉદ્ધાર થહે. અમારો ઉદ્ધાર તો કયારનો, આ સવરાજ આવ્યું ત્યારનો થઈ ગયેલો છે. દેહણુ ને દૂબળા એક જ ખાટલે બેહતા થઈ ગયા. એ લોક અમારો આદર હો ની રાખે. કોઈ-કોઈનો મરતબો નહીં. છોકરો માંદો છે કહીને ઊભાના ઊભા અમારી પાહેથી ૨૫-૫૦ રૂપિયા લઈ જાય. પણ બીજે દા'ડે કામ પર બોલાવવા જઈએ તો તરત ના પાડે કોઈ વાતની હરમ જ ની મળે ને! બાકી રહી ગયેલું તે તમે બધા એમને ચઢાવતા ફરો છો. ફટવી મૂકયા છે એ બધાને. આ દૂબળાની જાત એટલે નકરી એદી ને આળસુ. તમે માથું ફોડીને મરી જહો તોયે તે નહીં જ સુધરવાના તે નહીં જ સુધરવાના.'

આ પટેલોના ઘરમાં જોયું તો બાદશાહી ઠાઠના બાથરૂમ છે, સંડાસ છે. બગલાની પાંખ જેવી બાથરૂમની ટાઈલ્સ જોઈને તો તેમાંથી બહાર નીકળવાનું મન ન થાય. મેડીબંધ બંગલાની તો વાત જ શી કરવી! પાંચ વર્ષની રાગિણીથી માંડી પચાસ વર્ષના પ્રભુદાસ પટેલ સ્લીપર પહેર્યા વિના ઘરમાંયે નીચે પગ નથી મૂકતા.

અને રેકર્ડની બીજી બાજુ પણ સાંભળવા મળે છે: 'રાજા હરિશ્ચંદ્રની જેમ અમારાં બૈરી-છોકરાં સાથે અમે આખા ને આખા વેચાઈ ગયા છીએ. અમને કોઈ મુક્તિ અપાવી શકે તેમ નથી. ભગવાનનો બાપ આવે તોયે અઢી શેર જુવારના ધણીથી વધારે જુવાર અમને મળવાની નથી. બાર મહિના અમને મજૂરી મળે છે, એ વાત હદ઼તર ખોટી. છ મહિના મજૂરી મળે છે. પછી તો આ પત્તાં વેચીને દહાડા ગુજારીએ છીએ. રૂપિયાનાં અઢી-ત્રણ શેર પત્તાં વેચીએ છીએ. એ રૂપિયામાંથી લોટ હો લાવવાનો, મીઠું-મરચું હો લાવવાનું અને કપડાં-લત્તાં હો લાવવાનાં.'

વર્ષોની ગુલામીને લીધે આજે તેઓ મનથી એટલા થાકયા છે કે બીજો આધાર આપે તોયે તેઓ ચાલવા તૈયાર નથી. શ્રદ્ધા-વિશ્વાસ તેઓ ગુમાવી બેઠા છે. એમના જીવનમાં કોઈ ફોરમ કે પમરાટ નથી રહ્યો. વરસોનો માંદો માણસ કોઈનો હાથ પકડીને ચાલવાનીયે હિંમત ન કરે એવી એમની દશા છે.

કેટલાંક મોટાં ઘરોમાં જોયું કે તેઓ પોતાના છોકરાની સાથે સાથે ચાકરના છોકરાને ભણાવે છે, અને તેમાં ગૌરવ અનુભવે છે. પણ ત્યાંય શેઠ-શાહીનું સ્વરૂપ ભલે બદલાયું હોય, મૂળ સ્વભાવ નથી બદલાયો. પોતાનો છોકરો સામે પગ પર પગ ચઢાવીને બેઠો હોય તોયે એને કોઈ કામ ચીંધવાનું નહીં. તમામ કામ તો પેલા ચાકરના નટલાએ જ કરવાનું. 'નટલા, પાણી લાવ! નટલા, છાપું મૂકી દે! નટલા, ધોતિયું ખેંચ.' અને આ બધામાંથી સમય કાઢીને તેણે ભણવાનું. જે આવે તેને કહેવાય, 'આને હું મારા છોકરાની સાથે સાથે ભણાવું છું, અને છોકરાની જેમ જ રાખું છું.'

એક દિવસ રસ્તે મળી સાત વર્ષની ગુલબી. પૂછ્યું, 'તું નિહાળે જતી છે કે?'

જવાબ મળ્યો, 'ના.'

'તો પછી આખો દાડો શું કરતી છે?'

બોલી, 'બેઠી થોડી રહેતી છું! મેંહડા બાંધતી છું.'

'મેંહડા બાંધતાં તો પાંચ મિનિટ થાય. આખો દાડો શું કરે?'

'અરે, આખો દાડો ચરાવીને પછી બાંધતી છું.'

મારા અજ્ઞાન પર મને હસવું આવ્યું. 'અત્યારે સાત વાગ્યા છે. કયાં ચાલી!'

'ખાંડ લેવા.'

'ખાંડનું શું કરવાની?'

ખીલ ખીલ હસતી ગુલાબી કહેતી જાય, 'ચા કરવાની.'

'મહેમાન આવ્યા છે તારે ઘેર?'

'ના. અમે જ તો પીવાનાં.'

'અત્યારે સાત વાગ્યે તે કાંઈ ચા પિવાય? રોટલા ખવાય.'

બોલી, 'સાત જણના રોટલા લાવીએ કયાંથી. સાંજે અમે રોટલા નથી ખાતા છીએ. ચા પીને બધા સૂઈ જઈએ.'

'કેટલા પૈસાની ખાંડ લાવવાની?'

એણે હાથ દાબીને વાળી રાખેલી મુઠ્ઠી ખોલી. એમાં હતો બે પૈસાનો સિક્કો! આ બે પૈસામાંથી ૫૦ ટકા નફો કરશે પેલો વાણિયો; કેમ કે એય પરદેશ વેઠે છે ને!

૧૯ વર્ષના સ્વરાજ બાદ પણ આ સ્થિતિમાં રહેલી આ ગુલબી!

## અમૃતનો વાસ

એક વખત રાજા ભોજ દરબાર ભરીને બેઠો હતો. અનેક પંડિતો ત્યાં બેઠા હતા. આ વખતે રાજાને પંડિતોની કસોટી કરવાનું મન થયું. તેણે કહ્યું, 'હે પંડિત જનો! અમૃત કયાં વસે છે?'

એક પંડિતે કહ્યું, 'अब्धौ'—અમૃત સમુદ્રમાં વસે છે.

બીજો બોલ્યો, 'विधौ'—અમૃત ચંદ્રમાં છે.

ત્રીજો બોલ્યો, 'वधूमुखे'—નવયુવતીના મુખમાં હોય છે.

ચોથાએ કહ્યું, 'फणिनां निवासे' સર્પોના રહેઠાણમાં હોય છે.

પાંચમો બોલ્યો, 'स्वर्गे सुधा वसति वै विबुधा वदन्ति'—હે રાજન્! બુદ્ધિશાળી માણસો કહે છે કે અમૃતનો વાસ સ્વર્ગમાં છે.

આ બધામાં કોઈનો જવાબ ભોજ રાજાને સંતોષ આપી શક્યો નહીં. છેવટે તેણે કવિ કાલિદાસને આ પ્રશ્નના જવાબ માટે કહ્યું ત્યારે તેણે કહ્યું, "क्षारं क्षियं पतिमृतं गरलं पतन्ति" અર્થાત્ અમૃત સમુદ્રમાં હોય નહિ. કારણ કે સમુદ્રમાં જો અમૃત હોય તો તે ખારું જ હોય, પણ અમૃત કદી ખારું હોઈ શકે નહીં. જો તે ચંદ્રમાં હોય તો ચંદ્રનો કદી ક્ષય થાય નહી. સ્ત્રીના મુખમાં અમૃત હોય તો તેનું ચુંબન કરનાર પતિ કદી મરે જ નહીં. નાગના રહેઠાણમાં અમૃત છે એમ કહેનાર તો મૂર્ખ જ છે. કારણ કે ત્યાં તો હળાહળ ઝેર જ છે. તેમ જ સ્વર્ગમાં જો અમૃત હોય તો પુણ્ય પૂરું થતાં ત્યાંથી પાછું પૃથ્વી પર પતન થાય નહીં. માટે कंठे सुधा वसति वै भगवज्जनानाम्। અર્થાત્ અમૃત તો ફક્ત ભક્તજનોના કંઠમાં વસે છે, જેમના કંઠમાંથી વચનો દ્વારા નીકળીને તે અમૃત મનુષ્યોનાં હૃદય અને બુદ્ધિમાં પ્રવેશી તેમના અજ્ઞાનરૂપ મૃત્યુનો નાશ કરીને તેમને પોતાના અમર સ્વરૂપનું ભાન કરાવે છે.

કાલિદાસનો જવાબ સાંભળીને રાજા સંતુષ્ટ થયો અને તેને સારું ઇનામ આપ્યું.

# એકાક્ષરી શબ્દ 'ઓમ્' (ૐ)

શ્રી શંકરલાલ જ. જાની

## ૧

સમસ્ત વિશ્વવિકાસની અદ્‌ભુત લીલાનું મંડાણ કઈ મહાશક્તિના સંચારથી કે કયા કારણે થી થયું છે તેની ઝીણવટભરી શોધ ભૌતિક વિજ્ઞાન-શાસ્ત્રીઓ સંપૂર્ણપણે સત્યસ્રના પરિણામવાદી જગત સમક્ષ મૂકે ત્યારે ખરું. પરંતુ ગહનતાના આ પ્રશ્નનો ઉત્તર આર્ય ઋષિવરોએ તો માનવ શરીરની પ્રયોગશાળામાંથી આપ્યો છે કે 'વિશ્વ-વિકાસનું આદિ કારણ ઋત છે અને તે જ પરમ પુરુષ છે.' વળી તેમણે ઘોષણા કરીને કહ્યું છે કે 'સર્વત્ર વ્યાપી રહેલા અંધકાર અથવા શૂન્યમાંથી એ પરમ સત્ય કે વિશ્વના ઉદ્‌ભવ બીજ સમા ઋતનો આવિર્ભાવ સકળ સર્જનના પ્રાણેપ્રાણમાં સંચાર પામતા આદિ શબ્દ 'ઓમ' વડે જ થયો છે. એ એકાક્ષરી શબ્દ ઓમને તેમણે શબ્દ-બ્રહ્મ તરીકે ઓળખાવ્યો છે; અને ભારપૂર્વક જણાવ્યું છે કે તેના વડે જ સર્વ ગમ્ય કે અગમ્ય વિભૂતિનો વિકાસ અને વિશ્વસર્જનનો લીલાવિસ્તાર થયો છે.

યુરોપીય વિદ્વાનો પણ જગતના જ્ઞાન-ભંડારનું પહેલું પુસ્તક ઋગ્વેદ હોવાનું સ્વીકારે છે. તે આદિ વેદ ઉદ્‌ગાતા ઋષિવરોએ तम आसीत्तमसा गूलहमग्रेऽप्रकेतं सलिलं सर्वमा इदम् । કહીને જણાવ્યું છે કે 'આ વિશ્વના ઉદ્‌ભવ પહેલાં બધું જ અંધકારમય હતું. તે અન્ધકારની વચ્ચે અને તેથીયે પર અતિ ઓજસ્વી અને મહિમાવાન સત્ત્વનો પાદુર્ભાવ થયો હતો. તે સ્વયંભૂ અને સકળ જ્ઞાનસ્વરૂપ સત્યે જ પોતાની ઇચ્છાશક્તિ વડે અંધકારનો પડદો ઊંચકીને પોતાની સર્જનશક્તિનો સ્ફોટ કર્યો હતો; અને અવ્યક્તરૂપે પોતાનો મહિમા વિસ્તાર્યો હતો. આવો અદ્‌ભુત લીલાવિસ્તાર કર્યો હોવા છતાંયે તે સત્ત્વ સદાયે ઇન્દ્રિયાતીત, અકલ્પ્ય, અતકર્ય, સર્વસંચારી, અલિપ્ત, અગોચર અને અવિનાશી રહ્યું છે. આ વિષે ભાગવતકાર પણ કહે છે કે :–

एकस्त्वमात्मा पुरुषः पुराणः
 सत्यं स्वयंज्योतिरनन्त आद्यः ।
नित्योऽक्षरोऽजस्रसुखो निरञ्जनः
 पूर्णोऽद्वयो मुक्त उपाधितोऽमृतः ॥

આવા પરમ તત્ત્વ સંબંધી સહુ વેદો, સ્મૃતિઓ અને પુરાણોનો એક જ પ્રકારનો મત છે. તેવી જ રીતે ભક્તકવિ ગોસ્વામી શ્રી તુલસીદાસજીએ પણ કહ્યું છે કે :–

व्यापक एक ब्रह्म अविनाशी
 सत चेतन घन आनंद रासी ।
आदि अंत कोउ जासु न पावा
 मति अनुमान निगम जसु गावा ॥

જગતની ઉત્પત્તિના મહાકારણ સમા આવા પરમ તત્ત્વને કોઈ આંખો વડે જોઈ શકતું નથી. કાન વડે સાંભળી શકતું નથી. જીભ વડે ચાખી શકતું નથી. કે વાણી વડે વર્ણવી શકતું નથી. આવા અવર્ણનીય અને અકલ્પનીય તત્ત્વને તેની જ આપેલી નિર્મળ બુદ્ધિ, ધૃતિ, મેધા અને તપ વડે જાણી શકાય છે તેવું સહુ મહર્ષિઓ કહે છે. આર્ય તત્ત્વવેત્તાઓ તેને બ્રહ્મ અથવા ઈશ્વર કહે છે, અને જણાવે છે કે તેના વડે જ વિશ્વ-સર્જનના જરાયુજ, અણ્ડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ આદિ જીવોની ચર સૃષ્ટિની અને ઝાડ, પહાડ વગેરે સ્થાવર પદાર્થોની અચર સૃષ્ટિની ઉત્પત્તિ, વિકાસ અને વિનાશની ઘટના ઘડાય છે. આવા પરમ બ્રહ્મ-તત્ત્વનું વર્ણન વાણીથી થઈ શકતું નથી, પણ તે વાણી વડે જ પ્રકટે છે, તે માત્ર આત્મસમર્પણ વડે જ તેનો અનુભવ થઈ શકે છે.

## ૨

એ અગમ્ય તત્ત્વના શક્તિસંચારના પરિણામે ઉદ્‌ભવેલા એકાક્ષરી શબ્દ ઓમના સતત્ ઉચ્ચારણથી થતા નાદસંધાન વડે તત્ત્વદ્રષ્ટાઓએ પહેલવહેલો ગાયત્રી મન્ત્રનો ઉચ્ચાર કર્યો હતો; અને તેમની ઉજ્જ્વળ આત્મજ્યોતે વિશ્વસર્જનની વિસ્મયતા-ભરી મહાશક્તિને અનુભવી હતી. વળી કોઈક અદ્‌ભુત આત્મઉડ્ડયનના પ્રતાપે તે પરમ તેજસ્ તત્ત્વની ઓળખાણ આપનારાં વિવિધ જ્ઞાનનાં ગાન આદિ તેમણે પૃથ્વી પર સૌથી પહેલાં ગાયાં હતાં. આદિ

'ઓમ્'ની અખંડ ઉપાસનાને લીધે તેમને અ થી જ્ઞ સુધીના બધા અક્ષરોનું સ્વયં જ્ઞાન પ્રાપ્ત થયું હતું; અને ત્યારે જ તેમનામાં સિસૃત શક્તિનું પ્રસ્ફુટન થયું હતું. આ શક્તિના પ્રતાપે તેમણે ઋત, ભૂમા કે પૃષન્ તરીકે વર્ણવાયેલા પરમ સત્ય સ્વરૂપી બ્રહ્મતત્ત્વને ઓળખાવનારાં જે વિવિધ જ્ઞાન-ગાન કર્યાં હતાં તેને વેદગાન કહે છે; અને તેના મુખ્ય ચાર ભાગ પાડવામાં આવ્યા છે.

卐

# પ્રયાગતીર્થ ક્યાં આવેલું છે?

મનુષ્યનું જીવન ત્રણ અંગોનું બનેલું છે: જ્ઞાન, ભક્તિ અને કર્મ. જ્ઞાન એટલે બુદ્ધિ. વધુ ભણેલો, વિદ્વાન, પંડિત, વકીલ, બૅરિસ્ટર—આ બધામાં બુદ્ધિનો વિકાસ છે. ભક્તિ એટલે લાગણી અથવા પ્રેમ. જેનામાં આ લાગણીનું અંગ શુદ્ધ અને બળવાન હોય છે તે માણસ દયાળુ, પરોપકારી, સત્ય અને નીતિને અનુસરનાર હોય છે. જ્ઞાન અને લાગણી એ બંનેમાં, માણસમાં જે બળવાનપણે રહેલ હોય તે અનુસાર કર્મો થાય છે. કેવળ બુદ્ધિશાળી માણસ પાપી અને ઘાતકી કામો કરતાં અચકાશે નહીં અને કેવળ લાગણીશીલ માણસ વેવલાઈ ભરેલો, કાયર, પોકળ અને વિહ્વળ બની જશે. પણ મનુષ્યની અંદર જો બુદ્ધિ અને લાગણીનું જોડાણ થાય—બુદ્ધિ જો હૃદયની સાથે જોડાઈને ચાલે તો મનુષ્યનું જીવન પૂરેપૂરું શુદ્ધ અને વિકસિત બની શકે છે. અને ત્યારે તેનાં કર્મો પણ વિવેક અને પ્રીતિથી ભરેલાં, શુદ્ધ અને યજ્ઞમય બને છે.

જ્ઞાન એ મનુષ્યજીવનની અંદર વહેતી ગંગા નદી છે, અને પ્રેમ અથવા લાગણી એ યમુના નદી છે. એ બંનેનો સંગમ થવાથી જ **પ્રયાગરૂપ** એટલે **યજ્ઞમય કર્મોરૂપ** તીર્થ ઉત્પન્ન થાય છે. જે મનુષ્યોમાં ગંગા–યમુનાનો સંગમ છે—જ્ઞાન અને લાગણીનો સુમેળ છે તે મનુષ્યો પ્રયાગતીર્થ સમાન છે. તેઓ પોતાનાં સત્કર્મો દ્વારા જગતને પવિત્ર કરે છે. આવા સત્પુરુષોની બુદ્ધિ આકાશ જેવી નિરભિમાની, વ્યાપક અને સંકુચિતતાથી રહિત બની જાય છે અને તેમનાં હૃદય માખણ જેવાં કોમળ અને કાચ જેવાં પારદર્શક તથા તેમનાં કર્મો વરસાદના જેવાં જગતનાં પ્રાણીઓને માટે જીવનપ્રદ બની રહે છે. આવા તીર્થસ્વરૂપ મનુષ્યોના જીવનમાં પરમાત્મા ઓતપ્રોત બની રહે છે અથવા આવા તીર્થસ્વરૂપ મનુષ્યોનાં જીવન પરમાત્મામાં ઓતપ્રોત બની રહે છે. તેમનામાં પરમાત્માનો પ્રત્યક્ષ અનુભવ પ્રકટ થાય છે. તેમનું જીવન સંસારનાં સુખદુઃખ, બંધન, વાસનાઓ અને પાપોથી પર બની જાય છે.

તુલસીદાસ કહે છે કે શ્રીરામચંદ્રજીનું આ ચરિત્ર તીર્થરાજ પ્રયાગ સમાન છે. બુદ્ધિ, હૃદય અને કર્મના મળને દૂર કરનાર આ અલૌકિક જડીબુટ્ટી છે. મનુષ્યના દૂષિત જીવનને શુદ્ધ કરનાર આ પારસમણિ છે.

શ્રી 'મધ્યબિંદુ'

# જીવન વેચાણું

જીવન વેચાણું રે....અવિદ્યાને આંગળે રે...
રગે રગે....વ્યાપી રહ્યો છે રોષ,
અંતરને અંધારે રે....ઢાંકયો એનો આતમો રે....
ચિત્તમાંથી .... સિધાવી ગયા છે સંતોષ – જીવન૦

ગંગાને કિનારે રે....એની તૃષા ટળી નહીં રે....
લાગ્યા એને....હિમાળાને આંગણે અંગાર,
લખમીને ખોળે રે....દળદર ઘેરી વળ્યું રે....
ભૂખ્યો રહ્યો....અન્નપૂરણા કેરે દ્વાર–જીવન૦
ડૂબકી જ્યાં દીધી ત્યાં....સાગર લાગ્યો છીછરો રે....
ટૂંકી લાગી પૃથ્વી તણી એને પાટ,
આભ કેરા ઓઢણે રે....એનાં અંગ ઉઘાડાં રહ્યાં રે....
સૂકી લાગી....સુરતરુની સુવાસ – જીવન૦
વિમાને ચડીને રે.... વ્યોમપંથ ફરી વળ્યો રે....
જોઈ વળ્યો પેસીને સાતે પાતાળ,
ખૂંદી વળ્યો ધરણી રે....બીજે ઘેર દીવા કર્યા રે....
ટળ્યો નહીં....અંતરતણો અંધકાર – જીવન૦
ગીતાજી વાંચી ગ્યો રે....કાવાદાવા શીખીઓ રે....
જોયું એણે....અમૃતના મુખડામાં ઝેર,
'કાગ' કહે કમાણો રે....કૂડું કઠણાઈથી રે....
લીધી નહીં....મનખા જનમની લેર–જીવન૦

પદ્મશ્રી દુલા 'કાગ'

**સમજૂતી :** જેનું જીવન અવિદ્યા એટલે જૂઠ, દંભ. અભિમાન વગેરે અવગુણોના બજારમાં લિલામ થયું હોય, વેચાઈ ચૂકયું હોય, તેના અંગમાં કામ–ક્રોમ–લોભ વ્યાપી રહ્યા હોય છે. આ બધા અવગુણો રૂપી અંધારાથી શુદ્ધ આત્મા ઢંકાઈ ગયો છે. અને અજ્ઞાનને કારણે એનામાંથી આત્મસંતોષ નાશ પામ્યો હોય છે. એની તૃષ્ણાને કોઈ છેડો હોતો નથી. એની લોલુપતાને કોઈ સીમા કે શેઢા હોતો નથી. આખા જગતની સમૃદ્ધિ પણ એની આપદા ટાળવા શક્તિમાન થતી નથી.

ગંગાનાં સઘળાં પાણી પણ એની તરસ બુઝાવી શકતાં નથી. હિમાલયના ઘરમાં એને ગરમી લાગે છે, લક્ષ્મીને ખોળે બેઠો હોય છતાં એના મનની સ્થિતિ તો દરિદ્ર અને રંક જેવી અશાન્ત અને ગરીબ જ હોય છે. અન્નપૂર્ણાનો મહેમાન બન્યો હોય છે, તોયે એની ભૂખ ભાંગતી નથી. નાહવા માટે દરિયામાં પડયો હોય તોયે સમુદ્રનાં પાણી એને છીછરાં લાગે છે, સૂવા માટે આખી ધરતી સાંકડી લાગે છે, આકાશ આખું ઓઢયુ હોય તોયે એના પગ ઉઘાડા રહે છે. કલ્પવૃક્ષનાં ફૂલની પણ એને સુવાસ આવતી નથી. મોટા વિમાનમાં બેસીને આકાશ, ધરતી, પાતાળ અને સ્વર્ગ જોઈ લે, 'પોતે મોટો વિદ્વાન અને સંત છે' એવો દાવો કરી બીજાને ઘેર દીવા પ્રકટાવે પણ એના હૃદયનો અંધકાર તો વધતો જ રહે છે. વેદ ભણે, ગીતા વાંચે, પણ એમાંથી ખટપટ અને લુચ્ચાઈ સિવાય એ કંઈ શીખતો નથી અમૃત એને કડવું લાગે છે. પોતાના દુર્ગુણોને લીધે એને કોઈ વસ્તુનો સ્વાદ આવતો નથી અને આવો માણસ મહામૂલો મનુષ્યજન્મ વેર, મમતા અને તૃષ્ણામાં વિતાવીને સર્વસ્વ હારી જાય છે.

# શ્રી ઓચ્છવલાલ ગોરધનદાસ શાહ ટાઈલ્સવાળા

ખાડિયા ચાર રસ્તા, અમદાવાદના સૌજન્યથી

## સદ્‌ભાવ પ્રસાદી : : પાપ અને પુણ્ય

કેવળ આનંદના અનુભવનું નામ 'પુણ્ય' છે. અને દુર્બળતા, ભય તથા અશાન્તિના અનુભવનું નામ 'પાપ' છે

સારાં કામોમાં આનંદ થાય છે તેથી તે પુણ્ય છે અને બૂરાં કામોમાં ભય થાય છે, અશાન્તિ થાય છે, દુર્બળતા ઉત્પન્ન થાય છે તેથી તે પાપ છે.

પુણ્યકાર્યમાં આનંદ થાય છે તેનો અર્થ એ છે કે તેમાં આપણે આનંદસ્વરૂપ ભગવાનનો સ્પર્શ પામીએ છીએ. આ આનંદને જબરજસ્તીથી ક્યાંયથી લાવવો પડતો નથી. એ આનંદ આપોઆપ જ અંદરથી પ્રવાહિત થઈને ચાંદનીની પેઠે ચારે તરફ ફેલાઈ જાય છે. જે કામમાં સાચો આનંદ નથી મળતો, જે કામ પરલોકમાં ફળ મળવાની આશાથી કરવામાં આવ્યું હોય છે, તે કામ પુણ્યકર્મ નથી પણ પુણ્યથી ઠગાવાની જાળ છે.

હું પાપ કરી રહ્યો છું એવું ભાન રહે તે પણ પાપનું ભાન ન થાય તેના કરતાં સારી અવસ્થા છે. તે આમ બતાવે છે કે પાપનું ભાન પણ ન થાય એટલું હજુ મન કઠોર બની ગયું નથી. ખરાબ કામો કરતાં કરતાં મનમાં એટલી જડતા આવી જાય છે કે પછી તેમાં પાપનો અનુભવ નથી થતો. આ અવસ્થા ખૂબ જ કઠોર (અધમ) અવસ્થા છે.

ખરાબ વસ્તુને મનુષ્ય જ્યારે ખરાબ તરીકે સમજી શકે છે ત્યારે તે અવસ્થા બહુ સારી છે, પરન્તુ ખરાબ વસ્તુને મનુષ્ય જ્યારે સારી ગણીને તેમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેનાથી વધુ ભયાનક અવસ્થા કલ્પી શકાતી નથી.

પરન્તુ કલ્યાણને ઇચ્છતા મનુષ્યને માટે પાપ જેમ ત્યાજ્ય છે, તેવી જ રીતે પુણ્યફળ પણ છોડવા યોગ્ય છે. પુણ્યફળ પણ એક પ્રકારનું બંધન છે. મનુષ્ય જ્યારે પરલોકમાં સ્વર્ગ મળવાની આશા રાખીને કામ કરે છે ત્યારે તે પોતાને હજારો વાસનાઓની સાંકળમાં જકડી લે છે. પરન્તુ આ બંધનને ખોલ્યા વગર છૂટકો થતો નથી. નિષ્કામ કર્મ બંધનને ખોલે છે. પુણ્યકાર્યો કરવાં જોઈએ, પરન્તુ તેમને નિષ્કામ ભાવથી કરવાની જરૂર છે.

**સંયમ**

મન હમેશાં ભોગો તરફ જવા માગે છે તેને ખેંચીને પોતાના વશમાં કરવું એનું નામ 'સંયમ' છે.

સંસારમાં બધા મનના ગુલામ છે પરન્તુ મન જેનું ગુલામ છે તે જ સાચો મનુષ્ય છે.

જીવનના વિકાસ માટે મુખ્ય કામ એ કરવાનું છે કે 'મન આપણે આધીન રહે, આપણે મનને આધીન ન રહીએ.'

મનની અંદર બે પ્રકારની ભાવના છે. એક પ્રવૃત્તિ તરફ લઈ જનારી અને બીજી નિવૃત્તિ તરફ લઈ જનારી. ભોગ કરતાં કરતાં પ્રવૃત્તિ વધી જાય છે અને સંયમ કરતાં કરતાં નિવૃત્તિ બળવાન બને છે.

જેના જીવનમાં કશો સંયમ નથી તેનું જીવન મોટે ભાગે હવાના આધારે ચાલનારી નાવ જેવું છે. પરન્તુ ધારેલે સ્થળે તો ત્યારે જ જઈ શકાય છે કે નાવિક જ્યારે પોતે હલેસાં લઈને તેને હંકારે છે.

મનુષ્યનું મન ચોતરફ ભમતું રહે છે આ જ એની દુર્બળતા છે. સંયમની લગામ ખેંચીને ચારે તરફ વેરાઈ જતા મનને એકઠું કરવું જોઈએ મન જેટલું એકઠું (એકાગ્ર) થાય છે તેટલું જ તે શક્તિશાળી બને છે

સંયમનું વ્રતની માફક પાલન કરવાથી મનુષ્ય મહાન થાય છે, પરન્તુ આ સંયમ મનુષ્યે સ્વેચ્છાએ (રાજીખુશીથી) સ્વીકારેલો હોવો જોઈએ.

# સાવિત્રીચરિત્ર

શ્રી 'મધ્યાબ્ંદુ'

પૂર્વે મદ્ર દેશમાં અશ્વપતિ નામનો ધર્મનિષ્ઠ રાજા હતો. તેને સાવિત્રી નામની એક રૂપવતી અને શીલવતી કન્યા હતી. કન્યા યુવાન થઈ એટલે રાજા અશ્વપતિ તેના વિવાહની ચિંતા કરવા લાગ્યા તેમણે સાવિત્રીને કહ્યું : 'બેટી, હવે તું વિવાહ યોગ્ય થઈ છે, એથી તું જાતે જ તારે યોગ્ય વર શોધી લે. ધર્મશાસ્ત્રની આજ્ઞા છે કે જે પિતા વિવાહ યોગ્ય થયેલી પુત્રીનું કન્યાદાન નથી કરતો તે નિંદનીય છે. એથી તું હવે જલદી વર શોધી લે, જેથી હું દોષિત ન બનું.'

સાવિત્રીએ કંઈક સંકોચાઈ ને પિતાની આજ્ઞાનો સ્વીકાર કર્યો. તેણે વર શોધવા નીકળવાનો વિચાર કર્યો અને માતાપિતાને જણાવ્યો. રાજાએ પોતાના વૃદ્ધ મંત્રીઓને સાવિત્રીની સાથે જવા કહ્યું. સાવિત્રી માતાપિતાના ચરણોમાં પ્રણામ કરી સોનાના રથમાં બેસી વૃદ્ધ મંત્રીઓની સાથે વરની શોધ માટે નીકળી.

તે પૃથ્વી પરના જુદા જુદા દેશોમાં ફરી, પરાક્રમી, શૂરવીર, રૂપવાન તથા નવયુવાન રાજાઓ અને રાજકુમારોને તેણે જોયા, પણ તેમાં તેને પોતાની પસંદગીનો વર મળ્યો નહીં. પછી તે વનોમાં, ઋષિઓનાં તપોવનોમાં અને જુદા જુદા પ્રદેશોમાં શોધ કરવા લાગી.

એક દિવસ રાજા અશ્વપતિ પોતાની સભામાં આવેલા દેવર્ષિ નારદની સાથે વાતો કરી રહ્યા હતા. આ જ સમયે મંત્રીઓ સહિત સાવિત્રી ઘણાં સ્થળો ફરીને પિતાની પાસે આવી પહોંચી. તેણે પિતાજી અને નારદજીના ચરણોમાં પ્રણામ કર્યા. તેને જોઈ નારદે કહ્યું : 'તમારી આ પુત્રી ક્યાં ગઈ હતી અને હવે ક્યાંથી આવી રહી છે?' અશ્વપતિએ કહ્યું : 'એને મેં પોતાને માટે વર શોધવા મોકલી હતી તે આજે પાછી આવી છે. આપ તેને પૂછો કે તેં કયો વર પસંદ કર્યો છે?' અશ્વપતિએ ઋષિ આગળ બધો વૃત્તાન્ત જણાવી દેવા સાવિત્રીને કહ્યું. પિતાની વાત માની સાવિત્રી કહેવા લાગી : 'શાલ્વ દેશમાં દ્યુમત્સેન નામના એક વિખ્યાત અને ધર્માત્મા રાજા હતા. પાછલી અવસ્થામાં તેઓ આંખે આંધળા થવાથી અને તેમના પુત્રની બાલ્યાવસ્થા હોવાથી નજીકના રાજાએ તેમનું રાજ્ય પડાવી લીધું. હવે તેઓ પોતાના પુત્ર અને પત્ની સાથે વનમાં રહે છે અને વ્રતો તથા તપસ્યામાં જીવન પસાર કરે છે. તેમના પુત્ર સત્યવાન વનમાં તેમની સાથે રહી તેમની સેવા કરે છે. તેઓ હવે યોગ્ય ઉંમરના થયા છે. તેમને જ હું મનથી મારા પતિરૂપે વરી છું.'

આ સાંભળી નારદે કહ્યું : 'રાજન્, બહુ ખેદની વાત છે સાવિત્રીથી મહાન ભૂલ થઈ ગઈ છે. જોકે સત્યવાન સૂર્ય સમાન તેજસ્વી છે, બૃહસ્પતિ સમાન બુદ્ધિમાન છે, રૂપવાન અને સર્વ ગુણોથી સંપન્ન છે, પરંતુ તેનામાં એક જ દોષ છે. એને લીધે તેના બધા ગુણો દબાઈ જાય છે. વળી એ દોષ કોઈ રીતે દૂર કરી શકાય એવો નથી. તે દોષ એ છે કે હવે એક જ વર્ષમાં સત્યવાનનું આયુષ્ય પૂરું થઈ જશે અને તે દેહત્યાગ કરશે.'

આ સાંભળી અશ્વપતિએ સાવિત્રીને કહ્યું : 'બેટી, તું ફરીથી જા અને કોઈ બીજા વરની શોધ કર. દેવર્ષિ નારદજી કહે છે કે સત્યવાન તો અલ્પાયુ છે. તે એક જ વર્ષમાં દેહત્યાગ કરી દેશે.'

સાવિત્રી કહે છે : 'પિતાજી, પથ્થર, લાકડાં વગેરેનો ટુકડો એક જ વખત તેમનાથી છૂટો પડે છે. પછી ફરીથી તે સંધાતો નથી. કન્યાદાન પણ એક જ વખત કરી શકાય છે. હવે તો એક વાર મેં જેમનું વરણ કરી લીધું છે તે ભલે દીર્ઘાયુ હોય અથવા અલ્પાયુ, તથા ગુણવાન હોય કે ગુણહીન, તેઓ જ મારા પતિ થશે. હવે હું બીજા કોઈ પુરુષને વરી શકું નહીં. પહેલાં મનથી નિશ્ચય થાય છે અને પછી વાણીથી બોલાય છે અને તે પછી તે પ્રમાણે ક્રિયા થાય છે. માટે આમાં મારું મન જ પરમ પ્રમાણ છે.'

સાવિત્રીનું કહેવું સાંભળી નારદજી અશ્વપતિને બોલ્યા : 'રાજન્, તમારી પુત્રીની બુદ્ધિ નિશ્ચયાત્મક છે. એથી તે ધર્મથી ચલિત થશે નહીં. સત્યવાન સદાચારી અને સત્યવાળો છે. તેનામાં જે ગુણો છે તે બીજા કોઈનામાં નથી. તેથી આપ તેને જ કન્યાદાન કરો એ જ મને ઠીક લાગે છે.'

નારદજીની સલાહ સ્વીકારી રાજાએ વિવાહની તૈયારી કરી. વૃદ્ધ બ્રાહ્મણો અને પુરોહિતોને લઈને

તેઓ રાજા દ્યુમત્સેનના આશ્રમે ગયા. ત્યાં એક ઝાડ નીચે નેત્રહીન રાજા દ્યુમત્સેન બેઠેલા હતા. રાજા અશ્વપતિએ તેમની યથાયોગ્ય પૂજા કરી અને વિનયી વાણીથી તેમને પોતાનો પરિચય આપ્યો. ધર્મને જાણનાર રાજા દ્યુમત્સેને આસન વગેરે આપીને રાજા અશ્વપતિનો સત્કાર કર્યો અને પૂછ્યું : 'કહો, શા કારણથી આપે મારી પાસે પધારવાની કૃપા કરી ?'

અશ્વપતિએ કહ્યું : 'રાજર્ષિ, મારી આ સાવિત્રી નામની કન્યાનો આપ આપની પુત્રવધૂ રૂપે સ્વીકાર કરો.'

દ્યુમત્સેન કહેવા લાગ્યો : 'હું રાજયથી ભ્રષ્ટ થયેલો છું. અહીં વનમાં કષ્ટમય જીવન વ્યતીત કરું છું. તમારી કન્યા આવાં કષ્ટ સહન કરવા યોગ્ય નથી. તે અહીં આશ્રમમાં વનનાં દુઃખો સહન કરતી કેવી રીતે રહી શકશે ?'

અશ્વપતિએ કહ્યું : 'રાજન્, સુખદુઃખ તો આવે છે અને જાય છે. હું અને મારી પુત્રી આ વાત સમજીએ છીએ. મારા જેવા માણસને આપે આ કહેવાનું ન હોય. અમે તો બધી રીતે નિશ્ચય કરીને જ આપની પાસે આવ્યાં છીએ.'

દ્યુમત્સેને કહ્યું : 'રાજન્, હું તો પહેલેથી જ આપની સાથે સંબંધ કરવા ઇચ્છતો હતો. પરંતુ રાજ્યહીન થવાને લીધે મેં મારો વિચાર છોડી દીધો હતો. હવે જો મારી પૂર્વની ઇચ્છા આપોઆપ જ પૂર્ણ થતી હોય તો ભલે તેમ હો.'

તે પછી આશ્રમમાં તથા આજુબાજુ રહેનાર સર્વ બ્રાહ્મણોને બોલાવી બંને રાજાઓએ સત્યવાન અને સાવિત્રીનો વિધિપૂર્વક વિવાહસંસ્કાર કરાવ્યો. પછી રાજા અશ્વપતિ પોતાને દેશ પાછા ફર્યા. ગુણવાન પત્ની મળવાથી સત્યવાનને બહુ પ્રસન્નતા થઈ અને પોતાને મનમાન્યો વર મળવાથી સાવિત્રીને પણ બહુ આનંદ થયો. પિતાના ગયા પછી તેણે રાજકુમારી તરીકેનાં બધાં ઉત્તમ વસ્ત્રો અને આભૂષણો ઉતારી દીધાં અને પતિના જેવાં વનવાસનાં વસ્ત્રો ધારણ કરી લીધાં. પોતાના ગુણોથી, વિનયથી અને સેવા વગેરેથી સાવિત્રીએ સાસુ-સસરાનાં મન જીતી લીધાં તેમ જ મધુર વાણી, કાર્યકુશળતા, શાન્તિ અને એકાન્તમાં સેવા કરીને તેણે પતિદેવને પ્રસન્ન કર્યા. આ પ્રમાણે તે આશ્રમમાં રહેતાં કેટલોક સમય પસાર થયો.

એમ કરતાં સત્યવાનના મરણનો દિવસ પણ નજીક આવી પહોંચ્યો. સાવિત્રી એક એક દિવસ ગણતી રહેતી હતી. તેના હૃદયમાં હંમેશાં નારદજીનું વચન યાદ હતું. તેણે જોયું કે હવે ચોથા દિવસે સત્યવાનને મરવાનું છે, એટલે તેણે ત્રણ દિવસનું વ્રત લીધું. રાતદિવસ તે સ્થિર થઈને બેસી રહી. હવે કાલે પતિદેવના પ્રાણ પ્રયાણ કરશે એ ચિંતામાં બેઠાં બેઠાં જ સાવિત્રીએ રાત્રી વિતાવી. બીજે દિવસ કે જે છેલ્લો દિવસ હતો, તે દિવસ ઊગતા પહેલાં જ સાવિત્રીએ પોતાનાં રોજનાં કામ પૂરાં કરી લીધાં. તે બ્રાહ્મણો, વૃદ્ધો, સાસુસસરા વગેરેને પ્રણામ કરી તેમની આગળ હાથ જોડી ઊભી રહી. બધા તપસ્વીઓએ એને અખંડ સૌભાગ્યના આશીર્વાદ આપ્યા. સાવિત્રીએ તપસ્વીઓની તે વાણીને 'તથાસ્તુ-એમ જ થાઓ' એવા ધ્યાનયોગમાં સ્થિર રહીને ગ્રહણ કરી. આ વખતે સત્યવાન ખભે કુહાડી લઈને વનમાં લાકડાં લેવા જવા માટે તૈયાર થયો. ત્યારે સાવિત્રીએ કહ્યું : 'તમે એકલા ન જાઓ; હું પણ તમારી સાથે આવીશ.' સત્યવાને કહ્યું : 'પ્રિયે, પહેલાં તું કદી વનમાં ગયેલી નથી. વનનો રસ્તો બહુ મુશ્કેલ હોય છે. વળી તું ઉપવાસને લીધે અશક્ત થયેલી છે. તો વિકટ માર્ગમાં પગે ચાલીને કેવી રીતે આવી શકીશ ?' સાવિત્રી બોલી : 'ઉપવાસને લીધે મને કોઈ જાતની નબળાઈ અથવા થાક નથી. આપની સાથે વનમાં આવવા માટે મને બહુ ઉત્સાહ છે. માટે આપ મને રોકો નહીં.' સત્યવાને કહ્યું : 'જો તને ચાલવાનો ઉત્સાહ હોય તો તને જે પ્રિય લાગતું હોય તે કરવા તૈયાર છું, પણ તું માતાજી અને પિતાજીની આજ્ઞા લઈ લે.'

સાવિત્રીએ સાસુસસરાને પ્રણામ કરી કહ્યું : 'મારા સ્વામી ફળ વગેરે લાવવા માટે વનમાં જાય છે. જો તમે આજ્ઞા આપો તો આજે હું પણ તેમની સાથે જવા ઇચ્છું છું.' આ ઉપરથી દ્યુમત્સેને પોતાની પત્નીને કહ્યું : 'જ્યારથી સાવિત્રી વહુ બનીને આપણા આશ્રમમાં આવી છે ત્યારથી હજુ સુધી એણે કોઈ વસ્તુની માગણી કરી હોય એવું મને યાદ નથી. માટે આજે જરૂર તેની ઇચ્છા પૂરી

થવી જોઈએ ' પછી દ્યુમત્સેને સાવિત્રીને કહ્યું : 'સારું, બેટી ! તું જા રસ્તામાં સત્યવાનની સંભાળ રાખજે.'

આ પ્રમાણે સાસુસસરાની આજ્ઞા લઈને સાવિત્રી પોતાના પતિદેવની સાથે નીકળી. તે ઉપરથી તો હસતી દેખાતી હતી, પરંતુ તેના હૃદયમાં દુઃખની આગ સળગી રહી હતી. વીર સત્યવાને વનમાં પહેલાં તો પત્નીની સાથે ફળ વીણીને એક ટોપલી ભરી દીધી. પછી તે લાકડાં કાપવા લાગ્યો. કાપતાં કાપતાં પરિશ્રમને લીધે તેને પરસેવો આવી ગયો. તેના માથામાં વેદના થવા લાગી. આથી તેણે સાવિત્રી પાસે જઈને કહ્યું : ' પ્રિયે, આજે લાકડાં કાપવાથી મારા માથામાં વેદના થવા લાગી છે. બધાં અંગોમાં અને હૃદયમાં પણ દાહ થાય છે. શરીર અસ્વસ્થ થઈ રહેલું જણાય છે. એવું લાગે છે કે જાણે માથામાં કોઈ વીંછી ચટકા ભરી રહ્યો ન હોય ! કલ્યાણી, હવે મારે સૂવાની ઇચ્છા છે. બેસવાની મારામાં શક્તિ નથી'

આ સાંભળી સાવિત્રી પતિની પાસે આવી અને તેનું મસ્તક ખોળામાં લઈને જમીન પર બેસી ગઈ. તેણે નારદજીનો કહેલો સમય અને દિવસ ગણી જોયા એટલામાં જ ત્યાં એક પુરુષ જોવામાં આવ્યો. તેના મસ્તક ઉપર મુકુટ હતો. આ પુરુષ અત્યંત તેજસ્વી હોવાથી સાક્ષાત્ સૂર્યના જેવો જણાતો હતો. તેનું શરીર શ્યામ અને સુંદર હતું. લાલ લાલ નેત્ર હતાં. હાથમાં પાશ હતો. દેખાવમાં તે બહુ ભયાનક લાગતો હતો. તે સત્યવાનની પાસે આવીને ઊભો રહ્યો અને તેના તરફ જોવા લાગ્યો. તેને જોતાં જ સાવિત્રીએ સત્યવાનનું મસ્તક ધીમેથી ભૂમિ ઉપર મૂકી દીધું અને એકદમ ઊભી થઈ ગઈ. તેનું હૃદય ધડકવા લાગ્યું. તેણે અત્યંત આર્ત (દુઃખી) થઈને તે પુરુષને કહ્યું : 'મને લાગે છે કે આપ કોઈ દેવ છો. કારણ કે આપનું શરીર મનુષ્ય જેવું નથી. જો આપની ઇચ્છા હોય તો આપ કોણ છો તથા શું કામ કરવા ચાહો છો તે જણાવો.'

યમરાજાએ કહ્યું : ' સાવિત્રી, તું પતિવ્રતા અને તપસ્વિની છે. તેથી હું તારી સાથે વાતચીત કરીશ તું મને યમરાજ જાણ. તારા પતિ આ રાજકુમાર સત્યવાનનું આયુષ્ય પૂરું થઈ ગયું છે. હવે હું તેને આ પાશમાં બાંધીને લઈ જઈશ.'

સાવિત્રીએ કહ્યું : 'ભગવન્, મેં સાંભળ્યું છે કે મનુષ્યોને લેવા માટે તો આપના દૂતો આવે છે, તો આ વખતે આપ સ્વયં કેમ પધાર્યા ?'

યમરાજ બોલ્યા : 'સત્યવાન ધર્માત્મા અને ગુણવાન છે. તે મારા દૂતોએ લઈ જવા યોગ્ય ન હોવાથી હું પોતે આવ્યો છું.' ત્યાર પછી યમરાજે સત્યવાનના શરીરમાંથી બળાત્કારે બાંધીને અંગૂઠા જેવડો જીવ બહાર કઢ્યો. તેને લઈને તેઓ દક્ષિણ દિશા તરફ ચાલ્યા. ત્યારે દુઃખથી વિહ્વળ સાવિત્રી પણ યમરાજાની પાછળ પાછળ ચાલવા લાગી. આ જોઈ યમરાજાએ કહ્યું: 'સાવિત્રી, તું પાછી જા અને આના શરીરની અંતિમ ક્રિયા કર. તું પતિસેવાના ઋણથી મુક્ત થઈ છે. પતિની પાછળ પણ તારે જ્યાં સુધી આવવાનું હતું ત્યાં સુધી આવી ચૂકી છે.'

સાવિત્રી બોલી : મારા ' પતિદેવને જ્યાં લઈ જવામાં આવશે અથવા તેઓ પોતે જ્યાં જશે, ત્યાં મારે પણ જવું જોઈએ આ જ સનાતન ધર્મ છે. તપસ્યા, ગુરુજનોની સેવા, પતિપ્રેમ, વ્રતનું આચરણ અને આપની કૃપાથી મારી ગતિ ક્યાંય પણ અટકી શકતી નથી.'

યમરાજ બોલ્યા : ' તારી શુદ્ધ ઉચ્ચારવાળી વાણીથી હું પ્રસન્ન છું. મારી પાસેથી તું સત્યવાનના જીવવા સિવાયનો કોઈ પણ વર માગી લે અને પાછી જા. હું તને કોઈ પણ વર આપવા તૈયાર છું.'

સાવિત્રીએ કહ્યું: 'મારા સસરા રાજ્યભ્રષ્ટ થઈને વનમાં રહે છે. તેમની આંખો પણ જતી રહી છે. તેઓ આપની કૃપાથી નેત્ર પ્રાપ્ત કરે અને બળ તથા રાજ્ય મેળવીને તેજસ્વી થઈને રહે'

યમરાજ બોલ્યા : 'સાધ્વી સાવિત્રી, તેં માગ્યું છે તે પ્રમાણે જ થશે. તું બહુ દૂર સુધી ચાલવાથી શિથિલ થયેલી જણાય છે. માટે પાછી વળી જા, જેથી તને વિશેષ થાક ન લાગે.'

સાવિત્રીએ કહ્યું : ' પતિદેવની પાસે રહેતાં મને થાક કેવો લાગે ! જ્યાં મારા પ્રાણનાથ હશે એ જ મારા વિશ્રામનું શ્રેષ્ઠ સ્થાન હશે હે દેવેશ્વર, આપ

જ્યાં મારા પતિદેવને લઈ જઈ રહ્યા છો, ત્યાં મારે પણ આવવું જોઈએ. આ સિવાય મારી એક બીજી વાત પણ સાંભળો. સત્પુરુષોનો એકવારનો સમાગમ પણ અત્યંત હિતકર થાય છે. સત્સમાગમ કદી નિષ્ફળ જતો નથી તેથી આપ જેવા સત્પુરુષ અને મારા પતિની સાથે જ મારે રહેવું જોઈએ.'

યમરાજ બોલ્યા : 'સાવિત્રી, તારી વાત મને બહુ પ્રિય લાગે છે. તે વિદ્વાનોની બુદ્ધિનો પણ વિકાસ કરનારી છે. આથી તું સત્યવાનના જીવન સિવાય બીજો પણ કોઈ વર માગ'

સાવિત્રીએ કહ્યું : 'મારા પર આપની કૃપા છે તો મારા શ્વશુરનું જે રાજ્ય શત્રુએ એ પડાવી લીધું છે તે તેમને પાછું મળી જાય અને તેઓ પોતાના ધર્મનો ત્યાગ ન કરે—આ હું બીજું વરદાન માગું છું.'

યમરાજ બોલ્યા : 'રાજા દ્યુમત્સેન થોડા વખતમાં પોતાનું રાજ્ય પ્રાપ્ત કરશે અને પોતાના ધર્મમાં સ્થિર રહેશે. હવે તારી ઇચ્છા પૂર્ણ થઈ. તું હવે પાછી જા'

સાવિત્રીએ કહ્યું : 'દેવ, આપ સમસ્ત પ્રજાનું સંયમથી નિયમન કરો છો. અને નિયમન કરીને—પ્રજાને સન્માર્ગે ચલાવીને તેને અભીષ્ટ ફળ પણ આપો છો. તેથી આપ 'યમ' નામથી વિખ્યાત છો. આથી હું જે વાત જાણું છું તે સાંભળો. મન, વચન અને કર્મથી સર્વ પ્રાણીઓનું હિત કરવું એ તો બધા મનુષ્યોનો ધર્મ છે, પરંતુ સત્પુરુષો તો પાસે આવેલા શત્રુઓ પર પણ દયા કરે છે.'

યમરાજ બોલ્યા : 'કલ્યાણી, તરસ્યા મનુષ્યને જેમ જળ પીવાથી આનંદ થાય છે, તેવાં જ મને તારાં વચન પ્રિય લાગે છે. સત્યવાનના જીવન સિવાય તું ગમે તે કોઈ અભીષ્ટ વર માગ.'

સાવિત્રીએ કહ્યું : 'મારા પર આપની લાગણી છે અને આપ મારું હિત કરવા ઇચ્છો છો. તો મારા પિતા અશ્વપતિ પુત્રહીન છે. તેમને પોતાના કુળની વૃદ્ધિ કરનારા સો પુત્રો થાય એ હું ત્રીજો વર માગું છું.'

યમરાજ બોલ્યા : 'રાજપુત્રી, તારા પિતાને કુળની વૃદ્ધિ કરનારા સો તેજસ્વી પુત્રો થશે. હવે તારી ઇચ્છા પૂર્ણ થઈ. તું પાછી ફર. તું બહુ જ દૂર આવી ગઈ છે.'

સાવિત્રીએ કહ્યું : 'અહીં હું મારા પતિદેવની સમીપ હોવાથી મને દૂર જેવું જણાતું નથી આપ સૂર્યના પ્રતાપી પુત્ર છો આપ શત્રુ અને મિત્રના ભેદ છોડીને સર્વનો સમાન રૂપે ન્યાય કરો છો. તેથી પ્રજા ધર્મનું આચરણ કરે છે અને આપ ધર્મરાજ કહેવાઓ છો. મનુષ્ય સત્પુરુષોનો જેટલો વિશ્વાસ કરે છે, તેટલો પોતાનો પણ કરતો નથી આથી લોકો સત્પુરુષોમાં જ અધિક પ્રેમ કરે છે. તેઓ નિર્મળ અને દયાળુ હૃદયના હોય છે એથી સૌ તેમના ઉપર વિશ્વાસ મૂકીને નિર્ભય રહે છે.'

યમરાજ બોલ્યા : 'સુંદરી, તેં જેવી વાત કહી છે તેવી તારા સિવાય બીજા કોઈના મુખેથી મેં સાંભળી નથી. આથી હું બહુ જ પ્રસન્ન છું હવે તું સત્યવાનના જીવન સિવાય ગમે તે કોઈ ચોથો વર માગીને પાછી જા'

સાવિત્રીએ કહ્યું : 'આપ મારા પર પ્રસન્ન થયા છો તો આપની કૃપાથી મને સત્યવાન દ્વારા કુળની વૃદ્ધિ કરનારા સો પરાક્રમી પુત્રો થાઓ. આ હું ચોથો વર માગું છું.'

યમરાજ બોલ્યા : 'કલ્યાણી, તને બળ અને પરાક્રમથી યુક્ત સો પુત્રો થશે. તેમનાથી તને બહુ આનંદ મળશે. હે રાજપુત્રી, હવે તું પાછી વળ. બહુ ચાલવાથી થાકી જઈશ'

સાવિત્રીએ કહ્યું : 'સત્પુરુષોની વૃત્તિ નિરન્તર ધર્મમાં જ રહે છે. કદી સુખ અથવા દુઃખથી હર્ષિત કે વ્યથિત થતી નથી. સત્પુરુષોની સાથે મનુષ્યોનો જે સમાગમ થાય છે તે કદી વ્યર્થ જતો નથી અને સત્પુરુષોથી કદી કોઈને ભય પણ થતો નથી સત્પુરુષો સત્યના બળથી સૂર્યને પણ પોતાની પાસે બોલાવી લે છે. સત્પુરુષો જ પોતાના તપના પ્રભાવથી પૃથ્વીને ધારણ કરી રાખે છે. સન્તો જ ભૂત અને ભવિષ્યનો આધાર છે. એવા સત્પુરુષોની પાસે રહેતાં કદી ખેદ પ્રાપ્ત થતો નથી. પરોપકાર એ સત્પુરુષોએ સદા સેવેલો સનાતન ધર્મ છે. તેઓ ઉપકારના બદલાની તો કદી અપેક્ષા રાખતા જ નથી'

યમરાજ બોલ્યા : 'પતિવ્રતે, જેમ જેમ તું ગંભીર અર્થવાળી ધર્મમય વાતો કહેતી જાય છે,

તેમ તેમ તારા પ્રત્યે મારી અધિક શ્રદ્ધા થતી જાય છે. હવે તું મારી પાસેથી ગમે તે કોઈ ઉત્તમ વર માગી લે'

સાવિત્રીએ કહ્યું : 'હે સત્યશીલ, આપે મને પુત્રપ્રાપ્તિનો જે વર આપ્યો છે તે પતિ સિવાય પૂર્ણ થઈ શકતો નથી માટે હું તે જ વર માગું છું કે સત્યવાન જીવતા થઈ જાય. તેનાથી જ આપનું વચન સત્ય થઈ શકશે કારણ કે સત્યવાન વિના તો હું પણ મૃત્યુના મુખમાં પડેલી જ છું. પતિના વિના ગમે તેવું સુખ મળતું હોય પરંતુ મારે તેની ઇચ્છા નથી. પતિ વિના અતુલ લક્ષ્મી મળતી હોય તો તેની પણ મને આવશ્યકતા નથી. પતિ વિના હું જીવતી રહેવા પણ માગતી નથી. આપે જ મને સો પુત્રો થવાનું વરદાન આપ્યું છે. અને છતાં પણ તમે મારા પતિદેવને લઈ જઈ રહ્યા છો! એથી સત્યવાનના જીવતા થવાના વરદાન સિવાય આપનું વચન અસત્ય બની જશે.'

આ સાંભળી સૂર્યપુત્ર યમ બહુ પ્રસન્ન થયા. તેમણે 'તથાસ્તુ' કહીને સત્યવાનનાં બંધન છોડી નાખ્યાં. પછી તે સાવિત્રીને કહેવા લાગ્યા : 'હે કલ્યાણી, લે આ હું તારા પતિને છૂટો કરું છું. તારા સર્વ મનોરથો પૂર્ણ થશે. તારી સાથે આ લાંબું આયુષ્ય જીવશે અને લોકમાં કીર્તિ પ્રાપ્ત કરશે.' આ પ્રમાણે કહી ધર્મરાજ પોતાના લોકમાં ચાલ્યા ગયા.

ત્યાર પછી સાવિત્રી પોતાના પતિને લઈ જ્યાં સત્યવાનનું શબ પડ્યું હતું ત્યાં આવી. પતિને પૃથ્વી પર પોઢેલા જોઈ તે તેમની પાસે બેસી ગઈ અને તેમનું મસ્તક ઉઠાવીને ખોળામાં લીધું. થોડી જ વારમાં સત્યવાનના શરીરમાં ચેતના આવી. તે વારંવાર પ્રેમપૂર્વક સાવિત્રીની સામે જોતો જાણે ઘણા દિવસે મુસાફરી કરીને પાછો આવ્યો હોય તેમ વાતો કરવા લાગ્યો. તે બોલ્યો : 'હું ઘણી વાર સુધી સૂતો રહ્યો. તેં મને જગાડ્યો કેમ નહીં? અને જે મને ખેંચીને લઈ જતો હતો તે કાળા રંગનો પુરુષ કોણ હતો?'

સાવિત્રીએ કહ્યું : 'પુરુષશ્રેષ્ઠ, આપ ખૂબ વારથી મારા ખોળામાં સૂતેલા પડ્યા છો. તે શ્યામ વર્ણના પુરુષ પ્રજાનું નિયન્ત્રણ કરનાર દેવશ્રેષ્ઠ ભગવાન યમ હતા. હવે તેઓ પોતાના લોકમાં ચાલ્યા ગયા છે. જુઓ, સૂર્ય આથમી ગયો છે. રાત્રી ગાઢ થતી જાય છે. તેથી આ બધી જે જે વાતો બની છે તે હું તમને કાલે કહીશ. હવે તો આપણે જઈને માતાપિતાનાં દર્શન કરીએ.'

સત્યવાને કહ્યું : 'સારું. ચાલો હવે આપણે ઘેર જઈએ. હવે મારા શરીરમાં પીડા થતી નથી. મારાં બધાં અંગો સ્વસ્થ જણાય છે. હવે હું ઇચ્છું છું કે તમારી કૃપાથી હું જલદી માતાપિતાનાં દર્શન કરું. પ્રિયે, હું કોઈ દિવસ આશ્રમમાં મોડો જતો ન હતો. હું બહાર ગયો હોઉં અને કોઈ વાર આવતાં વાર લાગે તો મારાં માતાપિતા ચિન્તામાં ડૂબી જતાં હતાં અને આશ્રમવાસીઓને લઈ ખોળવા નીકળી પડતાં હતાં. માટે આ વખતે મને અંધ પિતા અને તેમની સેવામાં લાગેલી દૂબળી માતાની જેટલી ચિંતા થઈ રહી છે તેટલી મારા શરીરની પણ નથી. મારાં પરમ પૂજ્ય પવિત્ર માતાપિતા કેટલો સંતાપ સહી રહ્યાં હશે!'

તે પછી ચંદ્રમાના પ્રકાશથી પ્રકાશિત થયેલા વનમાંથી પસાર થતાં સત્યવાન અને સાવિત્રી આશ્રમ તરફ ચાલવા લાગ્યાં.

આશ્રમમાં રાજા દ્યુમત્સેન અને તેની પત્ની શૈબ્યા ચિંતા કરી રહ્યાં છે. આશ્રમવાસી ઋષિઓ અને તપસ્વીઓ ભેગા થઈ બંનેને આશ્વાસન આપી રહ્યા. એક ઋષિએ કહ્યું : 'રાજન્, સત્યવાનની પત્ની સાવિત્રીનો સ્વભાવ પવિત્ર છે. તે સંયમ અને સદાચારનું પાલન કરનારી છે. તેના શરીરમાં અવૈધવ્ય સૂચવનારાં બધાં શુભ લક્ષણો વિદ્યમાન છે. માટે સત્યવાન જીવતો જ છે' એક તપસ્વીએ કહ્યું : 'જુઓ, આપનો અંધાપો દૂર થઈ ગયો છે. સાવિત્રી ઉપવાસનાં પારણાં કર્યા વિના જ સત્યવાનની સાથે ગયેલી છે. માટે અવશ્ય સત્યવાન જીવતો હોવો જોઈએ.'

આ પ્રમાણે વાતચીત ચાલી રહી છે એટલામાં જ સત્યવાન સહિત સાવિત્રી આશ્રમમાં આવી ગયાં. તેમને જોઈ બ્રાહ્મણોએ રાજાને કહ્યું : 'રાજન્, લો, તમને પુત્ર પણ મળી ગયો અને નેત્ર પણ મળી ગયાં.' પછી તેમણે સત્યવાનને પૂછ્યું : 'સત્યવાન્, તમે સ્ત્રી સાથે ગયા હતા, છતાં આજે આટલું

બહુ મોડું કેમ થયું? માતાપિતાને અને અમને બહુ ચિંતા કરાવી.'

સત્યવાને કહ્યું : 'જંગલમાં લાકડાં કાપતાં કાપતાં મારા માથામાં બહુ વેદના થવા માંડી. એ વખતે એવું માલૂમ પડ્યું કે એ વેદનાને લીધે હું ખૂબ વાર સુધી સૂઈ રહ્યો. આટલી વાર પહેલાં હું કદી સૂતો નથી. આથી જ આવવામાં મોડું થયું છે. આપ લોકો કશી ચિંતા ન કરો.'

ગૌતમ ઋષિએ કહ્યું : 'સત્યવાન્, તમારા પિતાને આજે અકસ્માત્ દૃષ્ટિ પ્રાપ્ત થઈ છે. તમને ખરેખરા કારણની ખબર નથી. આ બધું તો સાવિત્રી કહી શકશે. સાવિત્રી, તને અમે સાક્ષાત્ સાવિત્રી (બ્રહ્માની પત્ની) જેવી પ્રભાવવાળી સમજીએ છીએ. જો છૂપું રાખવા જેવું ન હોય તો ખરેખરું કારણ કહી દે.'

સાવિત્રીએ કહ્યું : 'આપ માનો છો તેમ જ છે આપનો વિચાર મિથ્યા હોય નહીં. મારી વાત પણ આપનાથી છૂપી નથી. તેથી જે સત્ય છે તે જ કહું છું. નારદજીએ મને અમુક દિવસે મારા પતિનું મૃત્યુ થશે એ જણાવ્યું હતું. તે દિવસ આજે આવ્યો હતો, તેથી મેં તેમને એકલા વનમાં જવા દીધા નહીં. વનમાં મસ્તકમાં પીડા થવાથી તેઓ સૂતા હતા. તે વખતે યમરાજ આવ્યા અને તેમને બાંધીને દક્ષિણ દિશા તરફ લઈ નીકળ્યા. મેં સત્ય વચનો દ્વારા તે દેવશ્રેષ્ઠની સ્તુતિ કરી. તેથી પ્રસન્ન થઈ તેમણે મને પાંચ વરદાન આપ્યાં.' સાવિત્રીએ બધાં વરદાન કહી બતાવ્યાં અને કહ્યું : 'પતિદેવને જીવન પ્રાપ્ત કરાવવાને જ મેં વ્રત કર્યું હતું.'

ઋષિઓએ કહ્યું : 'સાધ્વી, તું પવિત્ર સ્વભાવ અને પવિત્ર આચરણવાળી છે. રાજા દ્યુમત્સેનના દુઃખી પરિવારને તેં જ આજે અંધકારમાં ડૂબતો બચાવી લીધો છે અને તારા પિતાના વંશને પણ તેં જીવિત કર્યો છે. તારા જેવી સુશીલ સ્ત્રીઓ પતિના અને પિતાના બંને કુળોનો ઉદ્ધાર કરે છે.

ઋષિઓ સાવિત્રીની પ્રશંસા કરીને પોતપોતાને સ્થાને ગયા. બીજે દિવસે શાલ્વ દેશના રાજપુરુષોએ આવી દ્યુમત્સેનને કહ્યું : 'ત્યાં જે રાજા હતો તેને તેના જ મંત્રીઓએ મારી નાખ્યો છે અને બધી પ્રજાએ એકમત થઈ નિશ્ચય કર્યો છે કે દ્યુમત્સેનને દેખાતું હોય કે ન દેખાતું હોય, પણ તેઓ જ અમારા રાજા છે. અમે આપને લેવા આવ્યા છીએ. આ આપને માટે રથ છે, અને આ આપની સેના છે. આપ આપના બાપદાદાના રાજ્યનો સ્વીકાર કરો.'

રાજા દ્યુમત્સેન રાજધાનીમાં પહોંચતાં તેમને નેત્રયુક્ત અને સ્વસ્થ શરીરવાળા જોઈ સર્વ પ્રજાજનો આશ્ચર્ય સાથે આનંદ પામ્યા. દ્યુમત્સેનનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો અને મહાત્મા સત્યવાનને યુવરાજ બનાવવામાં આવ્યો. મદ્રરાજ અશ્વપતિને પોતાની રાણીથી સો પુત્રો થયા. સાવિત્રીને પણ સો પુત્રો થયા. પોતાના પતિને ધર્મયુક્ત રાજ્ય ચલાવવામાં સહાયક બની પ્રજાજનો સુખી અને સમૃદ્ધિથી યુક્ત બન્યા. સાવિત્રીના ઉચ્ચ શીલ અને પતિવ્રતનો પ્રકાશ યુગો યુગો સુધી પૃથ્વી પર પ્રવર્તી રહેશે.

*

લોકસંતશ્રી દેવેન્દ્રવિજય સંસ્થાપિત
"માનવ મંદિર"ની એક પ્રવૃત્તિ
શ્રી સી. યુ. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ એટલે
શિક્ષણ, સંસ્કાર અને સદ્દવિચારનાં દર્શન
મેનેજિંગ ટ્રસ્ટી — આર્. એમ. નાણાવટી
આચાર્ય — વા. ય. જી. નાયક
પ્રવેશ ચાલુ છે.
સ્થળ : માનવ મંદિર રોડ, નવરંગપુરા, અમદાવાદ ૯
શ્રી ભાગવત વિદ્યાપીઠ
થોડા જ સમયમાં મૂર્ત સ્વરૂપનાં દર્શન માટે
પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રીજી અને શ્રી દેવેન્દ્રવિજય
ભારતમાં ફરી પ્રચાર કરી રહ્યા છે.

# પારસમણિ

શ્રી રમાકાન્ત ન. દવે

'પારસમણિ છે તમારી પાસે?'

'ના.'

'અને તમારી પાસે?'

'ના.'

'તો તમારી પાસે તો હશે જ.'

'ના...ના...'

'આજુબાજુના સંખ્યાબંધ માનવીઓને મેં પૂછી જોયું. કોઈની પાસે પારસમણિ નહોતો. તો શું આ અદ્દભુત પારસમણિની જે વાતો સંભળાય છે, એની જે પ્રશંસા થાય છે એ બધી કપોલકલ્પિત વાતો જ હશે? જો આવો કોઈ પારસમણિ હોય તો મને ક્યાંય જોવાય કેમ મળતો નથી? કોઈના ફળદ્રુપ ભેજાની આ ઉપજાવી કાઢેલી કલ્પના જ હોવી જોઈએ.'

મારી વાત સાંભળીને કોઈ કે મને રોકયો. તે બોલ્યો 'હં ......મારી પાસે એ અદ્દભુત પારસમણિ છે. તમારે જોઈએ છે? તમે એ લઈને શું કરશો?'

'એ પારસમણિની તો હું કેટલાય વખતથી શોધ કરું છું. એના સ્પર્શથી મારે લોખંડનું સોનું બનાવવું છે. જે વાત જૂના જમાનાથી ચાલી આવી છે એની મારે ખાતરી કરવી છે.' મેં એની વાતનો જડબાતોડ જવાબ દીધો.

'તમારો પડકાર ઘણો સુંદર છે. મારી પાસે જે મૂલ્યવાન મણિ છે એ હું તમને ધારો કે આપી દઉં, પણ જે લોખંડને તમે સોનું બનાવવા માગો છો એ લોખંડ તમારી પાસે કયાં છે?'

એના આ સવાલનો જવાબ આપવા માટે મારી પાસે વાચા કયાં હતી? પારસની પહેલી શરત લોખંડ છે એ વાતની મને આ અગાઉ કલ્પના પણ ન હતી. લોખંડ એટલે લોખંડી પુરુષાર્થ, કઠોર પરિશ્રમ, ઉદ્યોગ.

મારા મનની મૂંઝવણ એ પારખી ગયો. ફરીથી મારા તરફ ધ્યાનપૂર્વક નજર કરી તે બોલ્યો :'લોખંડ નહોય તો કંઈ વાંધો નથી.

'નિરાશ થવાની કશી જ જરૂર નથી. જેની પાસે કંઈ નથી એને માટે પણ પારસમણિ છે.'

એક સુખદ આશ્ચર્યથી મારું મન આનંદ-વિભોર બની ગયું.

'લાવો'...

ખૂબ તત્પરતાથી એ લેવા માટે મેં મારા બન્ને હાથ એની સામે ધર્યા.

એણે મારા ખાલી હાથ સામે નજર કરી, મારા ખભે હાથ મૂકીને કહ્યું : 'કોઈ પણ ચીજની યાચના માટે લાંબો કરેલો હાથ કેવળ પોતાના તિરસ્કારરૂપ છે. એના બદલે દોસ્ત! આ હાથ તું કોઈ ઉદ્યોગ માટે લાંબો કર. તું જે પારસમણિની શોધમાં ફરે છે એ પારસમણિ તારા અંતરના ઊંડાણમાં, તારા બુદ્ધિબળમાં અને બાહુબળમાં છુપાયેલો છે. એના સ્પર્શથી તમે જોઈએ તેટલું સોનું બનાવી શકશો. તમારો ઉદ્યોગ જેટલો શુદ્ધ હશે, જેટલો ઝડપી હશે એટલું વિશુદ્ધ અને વધુ સોનું તમે બનાવી શકશો.'

એની આ સૂઝ અને શિખામણ જોઈને મને એક નવી જ દૃષ્ટિ અને દિશાનું દર્શન થયું. જે પારસમણિની હું શોધમાં હતો એણે તો મારા અંતરનાં કમાડ ખોલી નાખ્યાં.

એનો આભાર માનીને હું પાછો વળતો હતો ત્યાં જ એણે મને ઊભો રાખીને પૂછ્યું : 'મારા ગુરુએ મને શિખવાડયું છે, એટલે એ પૂછવાનો મારો અધિકાર છે, કે મેં સોનું બનાવવાનો જે રાહ તને બતાવ્યો છે એ રાહે સોનું બનાવીને તું એનો ઉપયોગ કયા કામમાં કરીશ?'

એની આ વાત સાંભળીને હું અવાક બની ગયો : આવો તે કંઈ સવાલ પુછાતો હશે? મેં કહ્યું : 'મને ઠીક લાગે એવો હું સોનાનો ઉપયોગ કરીશ.'

એણે મારી મૂંઝવણ પારખી જઈને કહ્યું :

'મારો આ સવાલ જેટલો અગત્યનો છે એટલે જ સમયસરનો છે. સોનામાં જેટલા ગુણ સમાયા છે એટલા જ અવગુણ પણ રહેલા છે. જેની પાસે સોનું છે એ ગર્વથી ફુલાઈ જાય છે, જેની પાસે એ નથી એ તેને મેળવવા લોભ અને લાલચમાં જિંદગી વેડફી નાખે છે. શુદ્ધ ન્યાયી ઉદ્યમ દ્વારા મેળવેલા શુદ્ધ સોનાની સુવાસ તો શુદ્ધ વ્યક્તિ અને શુદ્ધ સમાજ જ લઈ શકે છે. વગર મહેનતે અનીતિથી સોનું મેળવવાની લાલચ હજુ તારામાંથી ગઈ નથી એટલે એ ભૂલીશ નહીં કે હિરણ્યગર્ભ (શુદ્ધ સોનું —નીતિનું ધન) અને હિરણ્યકશ્યપ(અનીતિથી ધન મેળવનાર)ની વચ્ચે દેવ અને દાનવ જેટલું અંતર છે, સત્ય અને અસત્ય જેટલું અંતર છે.'

# સમાચાર સમીક્ષા

૧૯૫૦–૫૧માં સીધા કરવેરા રૂ. ૧૭૩ કરોડના હતા, તે ૧૯૬૬–૬૭માં વધીને રૂ. ૬૪૬ કરોડના થયા છે. પરંતુ આડકતરા વેરાનો વધારો તો એથીય જંગી છે. ૧૯૫૦–૫૧માં આડકતરા વેરા રૂ. ૨૨૭ કરોડના હતા તે અત્યારે વધીને રૂ. ૧૬૨૬ કરોડ પર પહોંચ્યા છે. આડકતરા વેરામાં આબકારી જકાતે કેન્દ્ર સરકારની આવકમાં ધરખમ વધારો કર્યો છે. ૧૯૫૦માં આબકારી જકાત રૂ. ૬૭ કરોડની હતી તે વધીને ૧૦૩૦ કરોડ સુધી પહોંચી છે. ખાંડ, ચા, સાબુ, કાપડ, તમાકુ વગેરે સામાન્ય વપરાશની ચીજો પર આબકારી જકાત નંખાતી હોવાથી પ્રજાના બધા જ વર્ગો–ખાસ કરીને ગરીબ અને મધ્યમવર્ગ પર એની ઝાઝી અસર થાય છે.


### કેન્દ્રની આવક અને ખર્ચ

સરકારી આવક અને ખર્ચના આંકડાઓ પણ કૂદકે અને ભૂસકે વધી રહ્યા છે. ૧૯૫૦–૫૧માં કેન્દ્ર સરકાર મૂડી અને મહેસૂલી ખાતે રૂ. ૫૮૭ કરોડ ખર્ચતી હતી. પરંતુ સોળ વર્ષમાં એ આંકડો આઠ ગણો વધીને ૪૭૫૨ કરોડ પર પહોંચ્યો છે. એની આવક એટલા પ્રમાણમાં વધી નથી. ૧૯૫૦-૫૧માં ૪ ૬ કરોડની આવક હતી તે વધીને ૨૪૮૩ કરોડ જેટલી થઈ છે આયોજનને કારણે સરકારે વિકાસકામો હાથ ધરતાં નાણાં ઉછીનાં લેવાને કારણે એની જવાબદારી પણ કેટલી બધી વધી છે! ૧૯૫૦-૫૧માં કેન્દ્રની કુલ જવાબદારી ૨૮૬૫ કરોડની હતી તે અત્યારે વધીને રૂ. ૧૪૩૫૫ કરોડની થઈ છે. ૧૯૫૦–૫૧માં વિદેશનું દેવું માત્ર ૩૨ કરોડનું હતું તેમાં ૧૪૦ ગણો વધારો થતાં એ આંકડો અત્યારે ૪૬૨૩ કરોડ ઉપરાંત પહોંચી ગયો છે.

### સંરક્ષણખર્ચમાં વધારો

સરકારી ખર્ચના વધારામાં સંરક્ષણખર્ચ નોંધપાત્ર છે. ૧૯૫૦–૫૧માં આપણું સંરક્ષણખર્ચ માત્ર ૧૬૮ કરોડનું હતું, પરંતુ ૧૯૬૨માં ચીનના આક્રમણ પછી ૧૯૬૩–૬૪માં સંરક્ષણખર્ચ ૮૧૬ કરોડ રૂ. સુધી પહોંચી ગયું અને આજે તે લગભગ ૧૦૦૦ કરોડની આસપાસ છે. એવી જ રીતે, વહીવટીખર્ચ, મુલ્કી ખર્ચ વગેરેમાં પણ ધરખમ વધારો થયો છે. પરંતુ બજેટના અંકડાઓની ઇન્દ્રજાળમાંથી એને નોખાં કરવા મુશ્કેલ છે. આમ છતાંય, બજેટમાં જેને 'વહીવટી સેવાઓ' તરીકે ઓળખવામાં આવે છે એનો ખર્ચ ૧૯૫૦–૫૧માં ૨૧ કરોડ હતો, આજે ૧૨૩ કરોડ રૂ. છે.

ચોથી પંચવર્ષીય યોજનાના બીજા વર્ષમાં પણ યોજનાના આખરી મુસદ્દા વિના બજેટ રજૂ થશે. વધતા જતા ભાવોએ અર્થતંત્રની પાયમાલી કરી છે. ગયા વર્ષમાં જ ભાવોમાં ૨૦ ટકાનો વધારો થયો છે. ત્રીજી પંચવર્ષીય યોજનામાં સિદ્ધિઓ કરતાં નિષ્ફળતાઓ વિશેષ છે. ૩૦ ટકાના લક્ષ્યાંક સામે રાષ્ટ્રીય આવકમાં માત્ર ૧૩ ટકાનો જ વધારો થયો. ૧૯૬૫–૬૬માં તો રાષ્ટ્રીય આવકમાં ચાર ટકાનો ઘટાડો થયો. ૭૦ ટકાના લક્ષ્યાંક સામે ઔદ્યોગિક ઉત્પાદનમાં માત્ર ૪૦ ટકાનો વધારો થયો. રાજ્યો ઊંધું ઘાલીને રિઝર્વ બૅન્ક પાસેથી ઓવરડ્રાફ્ટનાં નાણાં લે છે. પરિણામે ફુગાવો વધતો જ જાય છે. રાષ્ટ્રીય આવક અને કરવેરાનું પ્રમાણ ૧૯૬૦–૬૧ માં ૯.૬ ટકા હતું તે ૧૯૬૫–૬૬માં વધીને ૧૪ ટકા થયું છે. આમ છતાંય કર દ્વારા સાધનો એકત્રિત કર્યા વિના નાણાપ્રધાન પાસે અન્ય કોઈ માર્ગ નથી. નિષ્ણાતોનું તો માનવું છે કે ભારતમાં કરવેરાની બાબતમાં ઘટતા મળતરના નિયમનો અમલ શરૂ થયો છે. હકીકતમાં તો કંપનીઓ પરના ૫૫ ટકા વેરા અને જીવનની જરૂરિયાતો પરના આડકતરા વેરાને કારણે ઉત્પાદનમાં ઘટાડો થયો છે.




# નાની બચત

આપણા
સૌના
સંરક્ષણનું
છત્ર બની
રહે છે....

નાની બચતમાં રોકેલાં
સઘળાં નાણાં આપણી યોજનાઓ,
ઉદ્યોગો, સિંચાઇ યોજનાઓ, દવાખાનાં,
રસ્તા વગેરે વિકાસ કાર્યોમાં
ઉપયોગી બને છે

**નાની બચત**
નાનેરા પ્રયાસોનું મોટેરૂં પરિણામ

ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત

# LEINER OVERSEAS LTD.

(Incorporated in England)

Fort House Annex (Evans Frazer Building)
Dr. Dadabhai Naoroji Road, Fort, **Bombay-1**

Telephone No :
**261715**

Telegraphic Address :
**"LEINERBONE"-BOMBAY.**

Bankers :

THE NATIONAL & GRINDLAYS BANK LTD

PARTICULARS OF BUSINESS

**Business :**

Producer of high grade Organic Fertiliser, Bone Meal for Paddy and all grain crops.

Local Distribution

Organic Manures, Bone Meal, Steamed Bone Meal, etc.

Agency Office

P. M. THOMAS & COMPANY
Punchiri House, W. Island, COCHIN-3

Associate Company for Manufacture of above

## Hira Crushing (Private) Limited.

**Massooria, JODHPUR** (Rajasthan)



આશીર્વાદ પ્રકાશન વતી પ્રકાશક : શ્રી દેવેન્દ્રવિજય વિજયશંકર દવે, રાયપુર, ભાઉની પોળની બારી પાસે, અમદાવાદ
મુંબઈ કાર્યાલય : માનવમંદિર, માનવમંદિર રોડ, મલબારહિલ, મુંબઈ-૬.
મુદ્રક : શ્રી જગદીશચંદ્ર અંબાલાલ પટેલ, એન. એમ. પ્રિન્ટિંગ પ્રેસ, દરિયાપુર, ડબગરવાડ, અમદાવાદ.